નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date : 12 DECEMBER 2024 | THURSDAY | Page : 8 | Year : 2 | Issue : 214 | Price: 2/-



ગોપાલ નમકીનમાં લાગેલી આગ શંકાસ્પદ?

જુઓ પેજ નં.૬

# હિન્દુઓની રક્ષા કરવા બાંગ્લાદેશ માને નહી તો બીજો માર્ગ અપનાવો મોહન ભાગવત

નાગપુર, તા. ૧૧: બાંગ્લાદેશમાં હિંદુઓ પર થઈ રહેલા અત્યાચારો વચ્ચે હવે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ()ના પ્રચાર પ્રમુખ સુનીલ આંબેકરે ચિંતા વ્યક્ત કરતા કેન્દ્ર સરકારને કડક પગલાં લેવાની અપીલ કરી છે. જો વાતચીત દ્વારા સમસ્યાનો ઉકેલ ન લાવી શકાય તેમ હોય તો મોદી સરકારે અન્ય રસ્તાઓ વિચારવા જોઈએ. નાગપુરમાં સકલ હિંદુ સમાજ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં સુનિલ આંબેકરે કહ્યું, “કેન્દ્રએ બાંગ્લાદેશમાં હિંદુઓ બાબતે વધુ ગંભીરતાથી કામ કરવા નક્કર પગલાં લેવા જોઈએ. મને આશા છે કે આ મુદ્દાને વાતચીત દ્વારા ઉકેલી શકાય છે, પરંતુ જો મંત્રણા નિષ્ફળ જાય તો તેના માટે આપણે બીજો રસ્તો શોધવો પડશે. આરએસએસના નેતાએ એમ પણ કહ્યું કે, બાંગ્લાદેશમાં થઈ રહેલી હિંસાનો ઉદ્દેશ્ય હિંદુ સમુદાયને ઉખેડી નાખવાનો છે. માત્ર બાંગ્લાદેશ, પાકિસ્તાનમાં જ આવી રીતે હિન્દુઓ પર હુમલા થઈ



રહ્યા છે. અમે હિંદુઓ પર અત્યાચાર સહન નહીં કરીએ. જો આપણે આના પર કંઈ નહીં કરીએ તો આવનારી પેઢીઓ આપણા મૌન પર સવાલ ઉઠાવશે.

આંબેકરે કહ્યું કે બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય પર જે અત્યાચાર થઈ રહ્યો છે તે આ સમયે મુઘલ શાસનની યાદ અપાવે છે. તેમણે કહ્યું, “આપણા મંદિરોને સળગાવવામાં આવી રહ્યા છે. લૂંટવામાં આવી રહ્યા છે. મહિલાઓ પર અત્યાચાર થઈ રહ્યો છે. આ બધું જોઈને દરેક હિંદુને ગુસ્સો આવવો જોઈએ. આ ઘટનાઓની માત્ર નિંદા કરવી અને પરેશાન થવું પૂરતું નથી. આપણે માત્ર ગુસ્સા અને દુખમાંથી બહાર આવીને આગળ વધવાની જરૂર છે. બાંગ્લાદેશના વચગાળાના નેતા મુહમ્મદ યુનુસ પર પણ નિશાન સાધતા કહ્યું કે, “નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતાના નેતૃત્વમાં દેશમાં શાંતિ ન હોઈ શકે. તે અત્યાચાર રોકવા માટે કંઈ કરી રહ્યા નથી. આંબેકરે એમ પણ કહ્યું કે, કેટલીક વૈશ્વિક શક્તિઓને ઓળખવાની જરૂર છે, જે બાંગ્લાદેશમાં હિંસા ફેલાવી રહી છે. આપણે તેને ઓળખીને તેનો પર્દાફાશ કરવાની જરૂર છે.

તેમને બતાવી દેવાની જરૂર છે કે આપણા દેશમાં કે અન્ય દેશોમાં હિંદુઓ વિરુદ્ધ આવી ઘટનાઓ બંધ કરો. ઓક્ટોબર મહિનામાં આરએસએસના વડા મોહન ભાગવતે પણ બાંગ્લાદેશી હિન્દુઓ પર અત્યાચારનો મુદ્દો ઉઠાવ્યો હતો.

# યુવાઓના અચાનક મૃત્યુ અને કોરોના વેક્સિનેશન વચ્ચે કોઈ સંબંધ નથી, સંસદમાં ICMR નો રિપોર્ટ રજૂ

નવી દિલ્હી, તા. ૧૧: કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ મંગળવારે રાજ્યસભામાં જણાવ્યું હતું કે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ ()ના અભ્યાસમાં સ્પષ્ટ થઈ ગયું છે કે કોરોના વેક્સિનથી ભારતમાં યુવાનો અને પુખ્ત વયના લોકોમાં અચાનક મૃત્યુનું જોખમ વધ્યું નથી.

તેમણે કહ્યું, 'હકીકતમાં, આ ઈંઈખછ અભ્યાસ દર્શાવે છે કે કોરોના વેક્સિન આવા મૃત્યુની શક્યતા ઘટાડે છે.' તેના અહેવાલમાં ઈંઈખછ એ આશંકાઓને દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો જેમાં દાવો કરાયો હતો કે છેલ્લા કેટલાક વર્ષોમાં



ભારતમાં યુવાનો અને પુખ્ત વયના લોકોના અકાળે મૃત્યુ કોરોના રસીકરણ સાથે સંબંધિત હતા.

ઈંઈખછ ની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એપિડેમિયોલોજીએ આ અભ્યાસ ૧૮-૪૫ વર્ષની વયના વ્યક્તિઓ પર કર્યો હતો જેઓ સ્વસ્થ હતા અને તેમને કોઈ રોગ નહોતો જે ૧ ઓક્ટોબર, ૨૦૨૧ અને ૩૧ માર્ચ, ૨૦૨૩ની વચ્ચે અણધાર્યા કારણોસર અચાનક મૃત્યુ પામ્યા હતા. આ સંશોધન ૧૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૪૭ હોસ્પિટલોમાં કરવામાં આવ્યું હતું. રિસર્ચ દરમિયાન એવા ૭૨૯ કેસ નમૂના તરીકે લેવામાં આવ્યા હતા જેમનું અચાનક મૃત્યુ થયું હતું અને ૨૯૧૬ નમૂના એવા લોકોના હતા જેમને હાર્ટ એટેક પછી બચાવી લેવાયા હતા. સંશોધનના તારણો દર્શાવે છે કે કોવિડ-૧૯ રસીના ઓછામાં ઓછા એક કે બે ડોઝ લેવાથી કોઈ પણ કારણ વગર અચાનક મૃત્યુની શક્યતાઓ નોંધપાત્ર રીતે ઘટી જાય છે.

**અચાનક મૃત્યુનું કારણ શું હતું?**

રિસર્ચમાં કેટલાંક પરિબળોની પણ ઓળખ કરવામાં આવી છે જે અચાનક મૃત્યુનું જોખમ વધારે છે, જેમાં મૃતકનું કોવિડ-૧૯ હોસ્પિટલમાં દાખલ રહેવું, પરિવારમાં કોઈનું આકસ્મિક મૃત્યુ, મૃત્યુના ૪૮ કલાક પહેલાં વધુ પડતો નશો કરવો કે દારૂ પીવો, ડ્રગનો ઉપયોગ અને મૃત્યુ પહેલાના ૪૮ કલાકમાં વધુ પડતી શારીરિક પ્રવૃત્તિ (જીમમાં કસરત સહિત) જેવા પરિબળો સામેલ હતા.



## તંત્રી લેખ

-રાજેશ ચુ. બગડાઈ

# સ્ટ્રીટ વેન્ડર-રિક્ષા ડ્રાઈવરો માટેની વીમા યોજના... રેવડી કે રાહત?



*સ્ટ્રીટ વેન્ડર્સ એટલે કે શેરીએ શેરીએ વિવિધ ચીજવસ્તુઓ માટે ફેરી કરતા ફેરિયાઓ, પાથરણાવાળા અને બૂટપોલીસ વગેરે પરચૂરણ વ્યવસાયો કરીને ગુજરાન ચલાવતા લોકો માટે કેટલીક રાજ્ય સરકારોએ વિવિધ યોજનાઓ શરૂ કરી છે, તો કેન્દ્ર સરકારે પણ ધિરાણ સહાય માટેની કેટલીક બેન્કેબલ યોજનાઓ અમલમાં મૂકી છે. સ્ટ્રીટ વેન્ડરો ઉપરાંત લારી-ગલ્લા-નાની દુકાનો તથા રિટેઈલરોને મદદરૂપ થવા માટે પણ કેન્દ્ર-રાજ્ય સરકાર દ્વારા કેટલીક યોજનાઓ જાહેર થઈ છે, પરંતુ તેમાં સમાનતા કે એકરૂપતા નથી અને તેનો લાભ કેટલા પ્રમાણમાં પહોંચે છે, તેનું કોઈ ચોક્કસ પ્રમાણ કે આંકડાઓ સર્વગ્રાહી રીતે નિયમિતપણે પ્રસિદ્ધ થતા નથી. આ કારણે જ સરકારો દ્વારા એકતરફ યોજનાકીય સિદ્ધિઓના બણગા ફૂંકાતા હોય અને બીજી તરફ એ જ યોજનાના ટાર્ગેટ પૂરા નહીં થવા બદલ સંબંધિત તંત્રોને નોટીસો ફટકારાતી હોય છે, તેથી એવું કહી શકાય કે શાસકો-તંત્રોના ખાવાના અથવા ચાવવાના દાંત જુદા છે અને દેખાવાના દાંત જુદા છે!*

*ગુજરાતમાં જાહેર માર્ગો કે ફૂટપાથો પર ટ્રાફિકને અડચણરૂપ થતા હોય તેવા લારી-પથારાવાળાઓને હટાવવા ઝુંબેશો અવારનવાર ચલાવાય છે, પરંતુ તેઓનો વ્યવસાય ધમધમતો રહે, તેવા વૈકલ્પિક સ્થળે તેઓને જગ્યા ફાળવાતી નથી, અને જ્યાં ફાળવાય છે, ત્યાં એટલી દૂર કે અટપટા સ્થળે ફાળવાય છે, કે જ્યાં ધંધો-રોજગાર ચાલતો નહી હોવાથી એ ધંધાર્થીઓ ફરીથી પોતાનું પેટિયું રળવા (ગુજરાન ચલાવવા) માટે રોડ પર આવી જતા ટ્રાફિક અવરોધાવાની સમસ્યા એવી ને એવી જ રહે છે.*

*આ ગરીબ લોકોની ટૂંકી મૂડી અને આવકની અનિશ્ચિતતાના કારણે ઘણી વખત તેઓ મુશ્કેલીમાં મૂકાતા હોય છે, અને કોઈ કોઈ વખત તો અનાથ બાળકો ભિક્ષાવૃત્તિ કે ચાઈલ્ડ ટ્રાફિકીંગનો ભોગ બનીને દયનિય જિંદગી જીવવા મજબૂર થતા હોય છે. બીજી તરફ સુપ્રિમ કોર્ટે તાજેતરમાં એક સુનાવણી દરમિયાન મોદી સરકારને ટકોર કરી છે કે દેશના ૮૧ કરોડ લોકોને મફત રાશન ક્યાં સુધી અપાશે? આ લાભાર્થીઓને રોજગારીની તકો કેમ અપાતી નથી?*

*દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે તાજેતરમાં દિલ્હી વિધાનસભાની આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને કરેલી જાહેરાત પણ ચર્ચાના ચાકડે ચડી છે. તેમણે સ્ટ્રીટ વેન્ડર્સ (ફેરિયાઓ) ને સાંકળ્યા છે કે નહીં, તે ક્લીયર થયું નથી, પરંતુ દિલ્હીના ઓટો રિક્ષાવાળાઓનો રૂ. દસ લાખનો વીમો ઉતારવાની યોજના લાગુ કરવાની વાત કરી છે. તેઓ જ્યારે મુખ્યમંત્રી હતાં, ત્યારે તેઓએ ઓટોરિક્ષાવાળાને ત્યાં ભોજન કર્યુ હતું, તેથી આ યોજના જાહેર કરી હોય, તો તે વ્યક્તિગત વળતર ગણાય કે કેમ? તે અંગેની અલગથી ચર્ચા થઈ રહી છે, તો બીજી તરફ આ પ્રકારની યોજનાઓ 'રેવડી કલ્ચર' ગણાય કે નહીં, તે અંગેની પણ ચર્ચા-પરામર્શ હવે વિવાદમાં બદલાઈ રહ્યા છે.*

*આ પ્રકારના અહેવાલો પછી એવા પ્રત્યાઘાતો પણ આવી રહ્યા છે કે, ગુજરાત સરકારે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રીની આ જાહેરાત તથા અન્ય રાજ્યોમાં ચાલતી આ પ્રકારની યોજનાઓનો અભ્યાસ કરાવીને રાજ્યના સ્ટ્રીટ વેન્ડર્સ, ઓટોરિક્ષાના ડ્રાઈવરો તથા ટ્રક ડ્રાઈવરો માટે કોઈ વિશેષ યોજના ઈન્સ્યોરન્સ સ્કીમ શરૂ કરવી જોઈએ, અને જે લોકો રેશનકાર્ડ યોજના હેઠળ મફત અનાજનો લાભ લઈ રહ્યા છે, તેઓને પગભર કરવા માટે ચોક્કસ રોજગારીલક્ષી યોજનાઓ બનાવવી જોઈએ. ગુજરાત સરકાર આ દિશામાં કાંઈ કરશે ખરી?*

# પતિની સંપત્તિ પર હિન્દુ મહિલાનો કેટલો અધિકાર? સુપ્રીમ કોર્ટની મોટી બેન્ચ કરશે મહત્વનો ફેસલો

નવી દિલ્હી,તા.૧૨ઃ પતિની સંપતી પર હિન્દુ મહિલાનો કેટલો અધિકાર? આ મુદ્દે સુપ્રિમ કોર્ટની મોટી બેન્ચ કરશે મહત્વનો ફેસલો સુપ્રિમ કોર્ટે હિન્દુ ઉતરાધિકારી અધિનીયમ ૧૯૫૬ ની ધારા ૧૪ અંતર્ગત હિન્દુ મહિલાઓને આપવામાં આવેલ સંપતી અધિકારોની જટીલ વ્યાખ્યાઓને ઉકેલવાનો નિર્ણય કર્યો છે. જે સંભવત ૬ દાયકાથી ચાલતો આવતો મહત્વપૂર્ણ મુદો બની ગયો છે.ન્યાયમુર્તિ પીએસ નરસિમ્હા અને ન્યાયમુર્તિ સંદીપ મહેતાની પીઠ જે આ મુદા પર કાનુની રસાકસીથી ઝઝુમી રહી છે જેના કારણે છેલ્લા ૬ દાયકામાં ૨૦ થી વધુ ફેસલા આવી ચુકયા છે. જેણે આ મુદાનો હંમેશને માટે ઉકેલવા માટે સોમવારે એક મોટી પીઠની સ્થાપનાનું આહવાન કર્યુ છે.

આ મામલો કાનુની શબ્દાવલીથી ઘણો આગળ સુધી જઈ શકે છ લાખો હિન્દુ મહિલાઓ માટે ધારા ૧૪ ની વ્યાખ્યા એ નિર્ધારીત કરી શકે છે કે તેમને હસ્તક્ષેપ વિના સંપતીનો ઉપયોગ કરવા અને હસ્તાંતરીત કરવા કે વેચવાની સ્વાયતતા છે કે નહિં.

હાલના કેસની જડ લગભગ ૬ દાયકા જૂની છે. જે ૧૯૬૫માં કંવર ભાન નામના વ્યક્તિ દ્વારા તૈયાર કરાવાયેલી વસીયત સાથે જોડાયેલી છે. જેમાં તેણે પોતાની પત્નીને તેના જીવનકાળમાં એક ભૂખંડ પર કબજો કરવા અને તેનો આનંદ લેવાનો અધિકાર આપ્યો હતો પણ એ શરતની સાથે કે તેના મૃત્યુ બાદ સંપતિ, તેના ઉતરાધિકારીઓને પરત કરી દેવામાં આવશે.



કેટલાક વર્ષો બાદ પત્નીએ જમીન વેચી નાખી અને ખુદને તેની માલિક ગણાવી હતી. બાદમાં દીકરા અને પૌત્રે વેચાણને પડકાર આપ્યો હતો અને મામલો અદાલતમાં પહોંચ્યો હતો, જેથી દરેક સ્તર પર વિરોધાભાસી ફેસલા આવ્યા હતા. ટ્રાયલ કોર્ટ અને અપીલીય કોર્ટે પત્નીનો પક્ષ લીધો હતો અને ૧૯૭૭માં સુપ્રીમ કોર્ટના તુલસામ્મા વર્સીસ શેષા રેડ્ડી કેસના એક કેસનો હવાલો આપ્યો હતો. જયારે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે આ મામલે અસહમતી દર્શાવી હતી. તેણે કર્મી વર્સીસ અમરુ (૧૯૭૨)ના કેસનો હવાલો આપ્યો હતો. હવે ઉપરોક્ત મામલો સુપ્રીમ કોર્ટમાં ગયો છે ત્યારે સુપ્રીમ કોર્ટે આ મુદ્દે સ્પષ્ટતાની જરૂરિયાત પર ભાર આપ્યો હતો અને કહ્યું હતું કે આ વિષય પર કાનૂની સ્થિતિને સ્પષ્ટ કરવી અત્યંત જરૂરી છે. હવે સુપ્રીમ કોર્ટની મોટી પીઠે એ નિર્ણય લેવો પડશે કે, શું વસીયતમાં અપાયેલી શરતો હિન્દુ મહિલાના સંપતિ અધિકારોની ધારા ૧૪(૧) અંતર્ગત સીમીત કરી શકે છે કે નહીં.

# કાશ્મીરમાં હુમલાનું ષડયંત્ર નિષ્ફળઃ હાઈવે પરથી બોંબ મળ્યો

કાશ્મીર,તા.૧૨ઃ કાશ્મીરનાં હંદવાડા-બારામુલા હાઈવે પર સુરક્ષા દળોને એક શંકાસ્પદ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ મળી આવ્યો હતો. સુરક્ષા દળોએ આતંકીઓના કાવતરાને નિષ્ફળ બનાવ્યું હતું. સુરક્ષા દળોએ આઈઈડીને નષ્ટ કરી દીધાં છે

અધિકારીઓએ જણાવ્યું કે, પોલીસ અને સેનાની સંયુક્ત પેટ્રોલિંગ ટીમને કુપવાડા જિલ્લાનાં હંદવાડા વિસ્તારમાં હાઈવે પર એક શંકાસ્પદ બેગ મળી આવી હતી. તેમણે કહ્યું કે, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી અને શંકાસ્પદ બેગને એકાંત સ્થળે લઈ જવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું કે, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડે નિયંત્રિત વિસ્ફોટમાં શંકાસ્પદ આઈઈડીનો નાશ કર્યો હતો. આ ઘટનામાં કોઈ નુકશાન થયું નથી.

અગાઉ, ૯ ડિસેમ્બરનાં રોજ, શ્રીનગર-બારામુલ્લા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર એક શંકાસ્પદ બેગ મળી આવતાં ખળભળાટ મચી ગયો હતો. માહિતી મળતાં જ સુરક્ષાદળો ઘટનાસ્થળે પહોંચી ગયાં હતાં.તપાસ બાદ જાણવા મળ્યું કે બેગમાં ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ લગાવવામાં આવ્યું હતું. સુરક્ષા દળોએ આઈઈડી કબજે કરી આતંકવાદીઓના નાપાક કૃત્યને નિષ્ફળ બનાવ્યું હતું.



# વલસાડ જિલ્લા પોલીસની મહેનતે આઠ હત્યા અને દુષ્કર્મ આચરનાર સિરિયલ કિલરને પકડી ગુનાઓની હારમાળા પર પૂર્ણવિરામ મુક્યો

**(સામના મિરર, સંવાદદાતા)**

વલસાડ, તા. ૧૧ : વલસાડ જિલ્લા પોલીસ વડા ડો. કરણરાજ વાઘેલાના માર્ગદર્શનથી જિલ્લા પોલીસની ટીમ અનેક ગુનાઓનો ભેદ ઉકેલે છે પણ દેશભર માંથી અભિનંદન વરસાદ થાય તેવું કામ વલસાડ જિલ્લા પોલીસે કર્યું છે સિરિયલ કિલરને પકડી વલસાડ જિલ્લાના પારડી ખાતે ૧૯ વર્ષિય દિકરી પર દુષ્કર્મ અને હત્યાની બનેલી ઘટના ખુબ જ કરૂણ અને વેદનાસભર છે. આ પ્રકારની ઘટના ક્યારેય કોઇ પણ રાજ્યમાં ન બને તેવી પ્રર્થના કરી ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આ ઘટનાને અત્યંત ગંભીરતાથી લઇને અનેક રાજ્યોમાં ૮ હત્યા સહિતના સંખ્યાબંધ ગુનાઓ આચરનાર ઝનુની, ક્રુર, નિર્દય અને અમાનુષી સિરિયલ કિલરને પકડી પાડનાર વલસાડ પોલીસ સહિત ગુજરાત રેલવે પોલીસ અને લાજપોર જેલ કર્મીઓને અભિનંદન પાઠવ્યા હતા. બેખોફ બનેલા આંતરરાજ્ય સિરિયલ કિલરને પકડવામાં દિવસ-રાત એક કરી એક મજબુત ટીમ વર્ક સાથે ગણતરીના દિવસોમાં ગુનો ડિટેક્ટ કરી આ પ્રસંશનિય કામગરી બદલ ગાંધીનગર ખાતે મંત્રી હર્ષ સંઘવી અને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના હસ્તે ૧૭૨ પોલીસ અધિકારી-કર્મચારીઓને રૂ.૧૨.૦૯ લાખના રોકડ ઇનામ આપવામાં આવ્યા હતા.

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કહ્યુ કે, ગુજરાત આજે પણ દેશનું સૌથી સુરક્ષિત રાજ્ય છે, તેનો શ્રેય રાજ્યના નાગરીકો, ગુજરાત પોલીસ અને તમામ ફોર્સને જાય છે. ગુજરાતમાં કોઇ ગુનો બને ત્યારે તે ગુનાની ગંભીરતા સમજીને ગુજરાત પોલીસ મજબુત ટીમ વર્કથી ટેક્નોલોજીના ઉપયોગની સાથે હ્યુમન ઇન્ટેલિજન્સની મદદથી જે રીતે રાત-દિવસ એક કરીને ગણતરીના કલાકોમાં ગુનેગારો શોધી કાઢે છે તેના ઉપર મને ગર્વ છે.

મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને ગુજરાતમાં મળી કુલ છ ગુનાઓ આચર્યા હોવાની કબુલાત કરનાર આ સિરિયલ કિલરે વધુ બે હત્યાના ગુનાઓની કબુલાત પોલીસ પુછપરછ દરમિયાન કરી છે. દુષ્કર્મ અને હત્યા જેવા ગંભીર આઠ ગુનાઓ ઉપરાંત આ ગુનેગારે ટ્રક ચોરી,આર્મ્સ એક્ટ, સરકારી નોકર પર હુમલો જેવા અન્ય ૧૩થી વધુ ગુનાઓ આચર્યા છે. જો ગુજરાત પોલીસે આ સિરિયલ કિલરને ના પકડ્યો હોત તો હજુ ક્યા ક્યા જઇને આ કિલર ગુનાઓ આચરતો તે કહેવુ અને અંદાજ લગાવવો પણ મુશ્કેલ હતો.


હર્ષ સંઘવીએ સંવેદના સાથે કહ્યુ કે, આટલા રાજ્યોમાં દિકરીઓને પીંખી નાંખીને હત્યા કરનાર આ ગુનેગાર જો પહેલા જ ગુનામાં પકડાઇ ગયો હોત કે તેને હ્યુમન ગ્રાઉન્ડ ઉપર જામીન ન મળ્યા હોત તો આજે આપણી ગુજરાતના પારડી વિસ્તારની ૧૯ વર્ષિય દિકરી સુધી તે પહોંચી શક્યો ન હોત. આ ગુનેગારને ગુજરાતમાં જ ફાંસીની સજા થશે ત્યારે આ દિકરીના પરિવારને અને ગુજરાતના નાગરિકોને ન્યાય મળશે. ખુબ જ ટુંકા સમયમાં આ ગુનેગારની ચાર્જશીટ કરી તેને ફાંસીની સજા થાય તે રીતે સજ્જડ પુરાવાઓ જોડી કડક કાર્યવાહી કરવા વલસાડ પોલીસને સૂચના આપી છે.



રિપોર્ટરઃ કાર્તિક બાવીસી



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ તમામ પોલીસ અધિકારી કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હોવાનો સંદેશો આપી મંત્રીએ કહ્યુ કે,આ પ્રસંશનીય કામગીરી કરનાર પોલીસ અધિકારી કર્મચારીઓ માટે આવેલી ઇનામની રકમની પ્રપોઝલને વાંચ્યા બાદ મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશમાં રાજ્ય સરકારે પોલીસ ટીમની મહેનતને બિરદાવતા આ ઇનામની રકમને બમણી કરી છે. જે અન્ય જિલ્લાઓના પોલીસ અધિકારી-કર્મચારીઓને કોઇપણ કેસ આ જ પ્રકારે ગંભીરતાથી તપાસ કરવા માટે પ્રેરણા પુરી પાડશે. આ કાર્યક્રમમાં વન-પર્યાવરણ રાજ્ય મંત્રી અને વલસાડ જિલ્લા પ્રભારી મંત્રી મુકેશ પટેલ, રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય, સુરત રેન્જ આઇ.જી.પી પ્રેમવીર સિંહ યાદવ , સુરત ક્રાઇમ જોઇન્ટ કમિશનર રાઘવેન્દ્ર વત્સ, વલસાડ જિલ્લા પોલીસ વડા કરનરાજ વાઘેલા તેમજ ગુનાના ડિટેક્શનમાં મહત્વપૂર્ણ ભુમિકા ભજવનાર પોલીસ અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા સોશિયલ મીડિયા પર વલસાડ પોલીસની કામગીરી ના લોકોએ ભરપૂર વખાણ કર્યા હતા.



વલસાડ જિલ્લા પોલીસ વડા ડો કરણરાજ વાઘેલા, 4 DySP, 12 PI, 17 PSI, LCB SOG સહિત 300થી વધુ જિલ્લા પોલીસના જવાનોએ આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. વાપીના ઈઈઝટ ફુટેજના આધારે આરોપીને ટ્રેક કર્યો હતો. વલસાડ જિલ્લા પોલીસની ટીમે અલગ અલગ પોલીસ જવાનોએ રેલવે સ્ટેશન, સેલટર હોમ સહિતના વિસ્તારોમાં ભીક્ષુક બની ટ્રેનના યાત્રીઓ બનીને આરોપીની કડી મેળવવા યથાર્થ પ્રયાસો કરવામાં આવ્યા હતા. ૧૧ દિવસની રાત દિવસની સતત મહેનત અને પરિશ્રમ બાદ વલસાડ પોલીસની ટીમને મળેલી બાતમીના આધારે વાપી [illegible]ની ટીમની મદદ લઈને આરોપીને ઝડપી પાડ્યો હતો.



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તમામ પોલીસ અધિકારી કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હોવાનો સંદેશો આપી મંત્રીએ કહ્યુ કે,આ પ્રસંશનીય કામગીરી કરનાર પોલીસ અધિકારી કર્મચારીઓ માટે આવેલી ઇનામની રકમની પ્રપોઝલને વાંચ્યા બાદ મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશમાં રાજ્ય સરકારે પોલીસ ટીમની મહેનતને બિરદાવતા આ ઇનામની રકમને બમણી કરી છે. જે અન્ય જિલ્લાઓના પોલીસ અધિકારી-કર્મચારીઓને કોઇપણ કેસ આ જ પ્રકારે ગંભીરતાથી તપાસ કરવા માટે પ્રેરણા પુરી પાડશે.



હર્ષ સંઘવીએ સંવેદના સાથે કહ્યુ કે, આટલા રાજ્યોમાં દિકરીઓને પીંખી નાંખીને હત્યા કરનાર આ ગુનેગાર જો પહેલા જ ગુનામાં પકડાઇ ગયો હોત કે તેને હ્યુમન ગ્રાઉન્ડ ઉપર જામીન ન મળ્યા હોત તો આજે આપણી ગુજરાતના પારડી વિસ્તારની ૧૯ વર્ષિય દિકરી સુધી તે પહોંચી શક્યો ન હોત. આ ગુનેગારને ગુજરાતમાં જ ફાંસીની સજા થશે ત્યારે આ દિકરીના પરિવારને અને ગુજરાતના નાગરિકોને ન્યાય મળશે. ખુબ જ ટુંકા સમયમાં આ ગુનેગારની ચાર્જશીટ કરી તેને ફાંસીની સજા થાય તે રીતે સજ્જડ પુરાવાઓ જોડી કડક કાર્યવાહી કરવા વલસાડ પોલીસને સૂચના આપી છે.

# વીરપુરની આહાબા વિસ્તારની સીમમાં છેલ્લા બે મહિના થયા ત્રણ ચાર દીપડાએ દેખા દેતા ખેડૂતોમાં ભયનો માહોલ ફેલાયો

- **હાલ ખેડૂતોને રવીપાક માટે વાવેતરની સીઝન ચાલુ છે તેવા સમય જ દીપડા ની દહેશત થતી ખેડૂતો અને ખેત મજૂરોમાં દીપડા પકડવાની માંગ ઉઠી છે**




વિરપુર, તા. ૧૧: સૌરાષ્ટ્રમાં ખેડૂતો રવીપાકની સિઝનમાં ઘઉં,ચણા, ધાણા સહિતના અનેક પાકોના વાવેતર કરી રહ્યા છે અને વાવતેર કરેલા પાકોમાં ખેડૂતોને પિયત,જંતુનાશક દવાઓના છટકાવની કામગીરી કરવાની હોય છે,સાથે કામગીરી માટે મજૂર ને પણ જરૂરિયાત પડતી હોય છે પરંતુ દીપડા જોવા મળતા ખેત મજૂરો મજૂરી કામ માટે આવી રહ્યા નથી,સાથે વાડી વિસ્તારમાં કામગીરી કરતા કરતા સુર્યાસ્ત એટલે કે સાંજ પણ પડી જતી હોય છે ત્યારે છેલ્લા બે - ત્રણ મહિનાથી વીરપુર ગામની આહાબા સિમ વિસ્તારમાં ત્રણ ચાર દીપડાના આટાફેરા વધતા ખેડૂતો અને ખેત મજૂરોમાં ભયની દહેશત ફેલાઈ છે,વીરપુર ગામની આહાબા સીમ વિસ્તારમાં વાડી ખેતર ધરાવતા ખેડૂતો આહાબા સિમ વિસ્તારમાં દિપડાએ ખેડૂતોના વાડી વિસ્તાર માથી ઘણા શ્વાનોનો શિકાર કર્યા છે જેમને લઈને ઘણા ખરા ખેડૂતોના પશુઓ પણ ખેડૂતો પોતાની વાડીએ રાખતા હોય છે ત્યારે હિંસક દિપડાઓ ખેડૂતોને અને પશુઓને પણ જાનહાનિ પહોંચાડે તે પહેલાં આ હિંસક દીપડાઓને પકડવા ખેડૂતોમાં માંગ ઉઠી છે,

વીરપુરની સિમ વિસ્તારમાં છેલ્લા બે ત્રણ મહિનાથી દિપડાની દહેશત છે, વીરપુરની આહાબા સીમમાં ખેતરોમાં દીપડા ના પંજા ઓના નિશાન પણ જોવા મળી રહ્યા છે.

વન વિભાગને ખેડૂતો દ્વારા જાણ કરવામાં આવી ત્યારે વન વિભાગ દ્વારા એક પાંજરું મૂક્યું અને બે દિવસ પાંજરામાં મારણ મૂક્યું પરંતુ દીપડો પકડાયો નહિ ત્યારબાદ કોઈ વન વિભાગ ના અધિકારી કે ફોરેસ્ટર આવ્યા ન હોવાના ખેડૂતો આક્ષેપ કર્યા હતા,ત્યારે શ્વાનોના શિકાર કરતા દીપડાઓ માનવ ભક્ષી બને તે પહેલાં વધુ પાંજરા મૂકી દીપડાને પકડવા આવે જેથી કરીને ભય હેઠળ ખેતી કરતા ખેડૂતો અને ખેત મજૂરો ભય મુક્ત ખેતી કરી શકે તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે.

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીનો છઠ્ઠો પદવીદાન સમારંભ સંપન્ન



ગોધરા, તા. ૧૧: શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલના કુલપતિ શ્રી ડો. પ્રતાપસિંહ ચૌહાણના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીનો છઠ્ઠો પદવીદાન અને સુવર્ણચંદ્રક એનાયત કરવાનો ભવ્ય સમારંભ ૧૧/૧૨/૨૦૨૪ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે યુનિવર્સિટી પરિસર ખાતે યુનિવર્સિટીના કુલાધિપતિ અને ગુજરાતના રાજ્યપાલ માનનીય શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષ સ્થાને સંપન્ન થયો.

આ સમારંભમાં અતિથિવિશેષ તરીકે માનનીય શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (માનનીય મંત્રીશ્રી, રાજ્યકક્ષા, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ), પંચાયત અને કૃષિમંત્રી શ્રી બચુભાઈ ખાબડ, ભાવનગરના ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણી (પૂર્વ શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી શ્રી, ગુજરાત રાજ્ય) તેમજ પૂર્વ વાહનવ્યવહાર મંત્રી તથા ગોધરાના ધારાસભ્ય શ્રી સી. કે. રાઉલજીએ હાજરી આપી હતી.

કાર્યક્રમના પ્રારંભે કુલપતિશ્રી ડો. પ્રતાપસિંહ ચૌહાણે આવકાર પ્રવચનમાં જણાવ્યું કે આ યુનિવર્સિટી અનેક રીતે અનોખી બની રહી છે. યુનિવર્સિટીના પ્રારંભે ૭૦૦૦૦ વિદ્યાર્થીઓ હતા, જે વધીને આજે એક લાખ પંચાવન હજાર સુધી પહોંચ્યા છે. મારી કુલપતિ તરીકેની કારકિર્દીનું આ છઠ્ઠું વર્ષ છે. ત્યારે ૨૫ કરોડ રૂપિયા ખર્ચને વિશાળ સ્પોર્ટસ ગ્રાઉન્ડ, વિરાટ ક્રિકેટ સ્ટેડિયમ અને સેન્ટર ઓફ એક્સલન્સ માટે ભવન બનાવવામાં આવ્યું છે.

ત્યારબાદ આર્ટસ, શિક્ષણ, વિજ્ઞાન, કાયદા, તબીબી, વાણિજ્ય, મેનેજમેન્ટ, હોમીઓપેથી, વોકેશનલ, કોમ્પ્યુટર સાયન્સ, ગ્રામીણ વિદ્યાશાખા નર્સિંગ અને સમાજ કાર્ય જેવી કુલ ૧૩ વિદ્યાશાખાઓના ડીનોએ એ ઉત્તીર્ણ થયેલા સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓને પદવી અને કરવા માનનીય કુલાધિપતિશ્રીને વિનંતી કરી હતી, જેને કુલાધિપતિ અને રાજ્યપાલ માન. શ્રી આચાર્ય દેવવ્રતજીએ સ્વીકૃતિ આપી હતી.

ગુજરાતના પંચાયત અને કૃષિમંત્રી શ્રી બચુભાઈ ખાબડે. અતિથિ વિશેષપદેથી તેમના વક્તવ્યમાં જણાવ્યું કે આપણો યુગ એ વિકાસનો યુગ છે અને સુવર્ણ યુગ છે. આવનારા ૨૫ વર્ષોમાં આપણે વિકસિત ભારતનું સપનું સાકાર કરવાનું છે. યુનિવર્સિટી શિક્ષણ મેળવનારા વિદ્યાર્થીઓ આ જવાબદારી અદા કરે એવી અપેક્ષા છે. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દિનપ્રતિદિન પ્રગતિ કરે, અમે સૌ આપની સાથે છીએ. સમારોહના અધ્યક્ષપદેથી યુનિવર્સિટીના કુલાધિપતિ અને ગુજરાતના રાજ્યપાલ માનનીય શ્રી દેવવ્રત આચાર્યજીએ પદવી અને સુવર્ણપત્રક મેળવનારા છાત્રોને આશીર્વચન આપતા કહ્યું કે જવાબદાર નાગરિક બનવાનો અર્થ એ જ કે પોતાનું દરેક કાર્ય નિષ્ઠાપૂર્વક અને પ્રમાણિકતાપૂર્વક કરવું.

યુનિવર્સિટીના માનનીય કુલાધિપતિ અને રાજ્યપાલ માન. શ્રી આચાર્ય દેવવ્રતજીના દીક્ષાંત પ્રવચન બાદ ઉપસ્થિત ૪૭ વિદ્યાર્થીઓને ચંદ્રકો તેમજ ૭૦ છાત્રોને પી.એચ.ડી.ની પદવીઓ એનાયત કરવામાં આવી હતી.

# ગોપાલ નમકીનમાં લાગેલી આગ શંકાસ્પદ ?

## બુધવારે રજાના દિવસે આગ લાગવાની ઘટના શંકાસ્પદ, પોલીસ તસ્ટથ તપાસ કરે તો સત્ય હકીકત બહાર આવે











રિપોર્ટરઃ કાર્તિક બાવીસી

- **ગોપાલ નમકીનને ૪ દિવસ પહેલા જ CGSTની ૧૩.૫૦ કરોડ માટે નોટિસ મળી ?**
- **30 જેટલાકર્મીઓ ફેક્ટરીમાં ઉપસ્થિત હતા**
- **મીડિયાને ફેક્ટરીથી દુર રાખી ગોપાલ નામકીનના લુખ્ખાકર્મીઓને મીડિયા સાથે ઘર્ષણ માટે ગેઈટ પાસે ઉભા રખાયા હતા**

રાજકોટ, તા. ૧૦ઃ મેટોડાની ગોપાલ નમકીન ફેક્ટરીમાં વિકરાળ આગ ભભૂકી ઉઠી છે. રાજકોટથી ફાયર બ્રિગેડ દોડી ગયું હતું. આજે બપોરે ૨.૩૦ વાગ્યાં આસપાસનો બનાવ હોવાનું જાણવા મળે છે. ધુમાડાનાં ગોટે ગોટા જોવા મળ્યા હતા. આગ લાગવાથી કારખાનામાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. રાજકોટનાં કાલાવડ રોડ ફાયર સ્ટેશન અને રામદેવપીર ચોકડી ફાયર સ્ટેશનથી ૨ ફાયર ફાયટર દોડવાયા હતા. ફેક્ટરીમાંથી કર્મચારીઓ બહાર દોડીને બહાર આવ્યા હતા.

મીડિયાને ફેક્ટરીથી દુર રાખી ગોપાલ નમકીનના લુખ્ખાકર્મીઓને ગેઇટ પાસે ઉભા રખાયા હતા જ્યાં તેઓએ પત્રકારો સાથે ગેરવર્તણૂંક કરી મારામારી પણ કરી હતી.

ફાયર બ્રિગેડે પાણીનો મારો ચલાવ્યો હતો. કારખાના બહાર લોકોનો જમાવડો જોવા મળ્યો હતો. દૂર દૂર સુધી ધુમાડો ફેલાયો હતો. ફાયર બ્રિગેડ સૂત્રોએ જણાવ્યું હતું કે, મેટોડા ખાતે આવેલ ગોપાલ સ્નેક્સ એન્ડ નમકીન ફેક્ટરીમાં બુધવારે બપોરે આગ લાગ્યાની જાણકારી મળી હતી.

રાજકોટ મહાનગર પલિકાના ફાયર વિભાગને જાણ થતા જ રાજકોટથી ફાયર બ્રિગેડ જવાનોનો કાફલો દોડવાયો હતો. રાજકોટના કાલાવડ રોડ ફાયર સ્ટેશન અને રામદેવપીર ચોકડી ફાયર સ્ટેશનથી ૨ ફાયર ફાયટર દોડવાયા હતા.

ફાયર બ્રિગેડની ટીમે કંપની ખાતે પહોંચતા જ તુરંત પાણીનો મારો ચલાવ્યો હતો. ફેક્ટરી ખાતે આગ લગતા કર્મચારીઓ દોડીને બહાર આવી ગયા હતા. અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. આગે મોટુ રૂપ ધારણ કર્યું હતું. જેથી દૂર દૂર સુધી ધુમાડા જોવા મળ્યા હતા.

# રાજકોટમાં બનનારી નવી મધ્યસ્થ જેલનું ભુમિપુજન કરાયું

રાજકોટ, તા. ૧૧: સૌરાષ્ટ્ર કચ્છ વિસ્તારમાં રાજકોટ ખાતે મધ્યસ્થ જેલ આવેલ છે. જેમાં સૌરાષ્ટ્ર કચ્છના સજા પામેલ બંદીવાનોને રાખવાની જોગવાઇ છે. આ ઉપરાંત અંડરટ્રાયલ તેમજ અન્ય જિલ્લાઓના પાસા અટકાયતીઓને રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે રાખવામાં આવતા હોય છે. પરીણામે રાજકોટ મધ્યસ્થ જેલની સમાવેશ ક્ષમતા કરતા વધુ બંદીવાનો રહેતા હોવાના કારણે જેલમાં ઓવરક્રાઉડીંગની સતત સમસ્યા રહેવા પામે છે. આ સમસ્યાને નિવારણ માટે જેલોના વડા ડો.કે.એલ.એન.રાવનાઓ દ્વારા સરકારશ્રીમાં કરવામાં આવેલ અસરકારક રજુઆતના ફળ સ્વરૂપે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગ તરફથી મળેલ મંજુરીના આદેશો અન્વયે મહે.કલેક્ટરશ્રી, રાજકોટનાઓના હુકમથી રાજકોટ ખાતે નવી મધ્યસ્થ જેલ બનાવવા માટે પડધરી તાલુકાના ન્યારા ગામના સર્વે નં-૨૦૦ પૈકીની હે.૨૪-૭૪-૪૮ ચો.મી. જમીન અધિક્ષક, રાજકોટ મધ્યસ્થ જેલનાઓને ફાળવવામાં આવેલ છે. ફાળવવામાં આવેલ જમીન ખાતે જેલોના વડા ડો.કે.એલ.એન.રાવ (IPS) તથા





શિક્ષણવિદ્ધ શ્રીમતિ ડો.ઈન્દુ રાવ નાઓના વરદ હસ્તે શાસ્ત્રોક્ત વિધિ મુજબ આજ તા.૧૧/૧૨/૨૦૨૪ના રોજ ભુમિપુજન કરવામાં આવેલ હતુ. આ ભુમિપુજન કાર્યક્રમમાં રાજકોટ મધ્યસ્થ જેલના અધિક્ષક શ્રી રાઘવ જૈન (IPS) તેમજ પોલીસ આવાસ નિગમ લિ. રાજકોટના કાર્યપાલક ઈજનેરશ્રી એમ.જી. પાનસુરીયાનાઓ પણ ઉપસ્થિત રહેલ હતા. પડધરી તાલુકાના ન્યારા ગામ ખાતે ફાળવવામાં આવેલ જમીનમાં સૌરાષ્ટ ઝોનની અતિ આધુનિક મધ્યસ્થ કક્ષાની જેલ બનાવવામાં આવનાર છે. આ મધ્યસ્થ જેલમાં બંદીવાનો માટે રહેવા માટે પુરૂષ તથા મહિલા વિભાગ, હાઈસિક્યુરિટી વિભાગ, વોકેશનલ તાલીમ વિભાગ, વિડીયો કોન્ફરન્સ વિભાગ, શૈક્ષણિક તથા લાઈબ્રેરી વિભાગ, મુલાકાતીઓ માટેનો અધત્તન મુલાકાત રૂમ, વિડીયો મુલાકાત વિભાગ, સરકારી ટેલિફોન બુથની સુવિધા, ઉદ્યોગ વિભાગ, ગૌશાળા, આંગણવાડી, જેલ હોસ્પિટલ વિભાગ, સોસ્યો સાયકો કેર, જેલ ઉત્પાદિત ચીજવસ્તુઓનુ વેચાણ કેન્દ્ર, બંદીવાનો માટે જેલમાં આઉટડોરની રમતો માટેનુ મેદાન, વિગેરે નિર્માણ થનાર છે. આ જેલ સૌરાષ્ટ્ર ઉપરાંત ગુજરાતની અતિ આધુનિક જેલ બનવા જઈ રહેલ છે. જેનું નિર્માણ કાર્ય ટુંક સમયમાં પોલીસ આવાસ નિગમ તરફથી હાથ ધરવામાં આવનાર છે. ઉક્ત ભુમિપુજન કાર્યક્રમ ઉપરાંત ડો.કે.એલ.એન.રાવ દ્વારા આજ રોજ રાજકોટ મધ્યસ્થ જેલની વિઝીટ પણ કરવામાં આવેલ હતી જેમાં તેઓએ જેલના રસોઈ ઘર, જેલ દવાખાના તથા બંદીવાનોના યાર્ડનું નિરીક્ષણ કરેલ હતું અને બંદિવાનોની રજુઆતો સાંભળેલ હતી. ઉક્ત કાર્યક્રમને સફળ બનાવવા માટે જેલ અધિક્ષક શ્રી રાઘવ જૈન, તેમજ ઇ.ચા.નાયબ અધિક્ષકશ્રી બી.બી.પરમાર, પો.ઈ.શ્રી એમ.આર.ઝાલા તેમજ સબંધિત કર્મચારીઓએ ખાસ જહેમત ઉઠાવેલ હતી.

# તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અતર્ગત અરજદારોના ખોવાચેલ/ગુમ થયેલ મોબાઈલ ફોન પરત અપાવાયા

રાજકોટ, તા. ૧૧: CEIR પોર્ટલના ઉપયોગથી કુલ મોબાઇલ ફોન- ૩૮ કી.રૂ. ૭,૦૫,૮૯૯/- શોધી કાઢી અરજદારને પરત કરતી ભક્તિનગર પોલીસ રાજકોટ શહેર પોલીસ કમીશ્નર શ્રી બ્રીજેષ કુમાર ઝા સાહેબ તથા એડીશનલ પોલીસ કમીશ્નર શ્રી મહેન્દ્ર બાગરીયા સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર ઝોન- ૦૧ શ્રી સજ્જનસિંહ પરમાર સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર પુર્વ વિભાગ શ્રી બી.વી. જાધવ સાહેબ નાઓએ અરજદારોના ખોવાયેલ/ગુમ થયેલ મોબાઇલ ફોન ઈીઊઈંછ પોર્ટલનો ઉપયોગ કરી શોધી કાઢવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમો પોલીસ ઇન્સપેકટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયા નાઓ રાહબરી હેઠળ સર્વેલન્સ સ્કોડના પોલીસ સ્ટાફના કર્મચારીઓને અરજદારના ગુમ/ખોવાયેલ મોબાઇલ ફોનને સરકારશ્રીની સી.ઇ.આઇ.આર. એપ્લીકિશનમા મોબાઇલ બ્લોક કરી, તે શોધી કાઢવા સુચના કરેલ હોય, જે અન્વયે અત્રેના પો.સ્ટે. ના પો.હેડ કોન્સ પ્રભાતભાઇ મૈયડ તથા પો.કોન્સ. હરવિજયસિંહ ગોહીલનાઓ દ્વારા



CEIR પોર્ટલનો ઉપયોગ કરી અરજદારોના મોબાઇલ ફોન નંગ- ૩૮ કી.રૂ. ૭,૦૫,૮૯૯/- ના મોબાઇલ શોધીકાઢી મુળ માલીકોને પરત આપવામા આવેલ છે. આ કામગીરી કરનાર અધી./કર્મચારીઓઃ- પોલીસ ઇન્સપેકટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયા તથા પો.સબ.ઇન્સ. એમ.એન.વસાવા તથા પો.હેડ કોન્સ. હીતેન્દ્રસિંહ ઝાલા તથા પ્રભાતભાઇ મૈયડ તથા પો.કોન્સ. હરવિજયસિંહ ગોહીલ રોકાયેલ હતા.

# ગીર સોમનાથ જી.પં. ના સિંચાઈના ઈન્ચાર્જ કા.પા. ઈજનેર મોટાપાયે ભ્રષ્ટાચાર આચરતા હોવાની મુખ્યમંત્રી, વિજીલન્સને ફરીયાદથી ખળભળાટ

■ યુવા ભાજપના ઉપપ્રમુખએ પુરાવાઓ સાથે લેખીત ફરીયાદ કરતા જી.પં.નું રાજકારણ ગરમાયુ





અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૧૧: ગીર સોમનાથ જીલ્લા પંચાયત સિંચાઈ વીભાગના ઈજનેર સુનિલ રાઠોડ સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપ સાથે વિજિલન્સ, મુખ્યમંત્રી સમક્ષ પુરાવા સાથે લેખિત ફરિયાદ થઈ છે. આ મુદ્દો ભાજપ શાસિત જી.પં.ના ઉપપ્રમુખે પંચાયતની સામાન્ય સભામાં ઉજાગર કરતાં કથિત ભ્રષ્ટ અધિકારી સુનીલ રાઠોડને ડીડીઓએ નોટીસ ફટકારી ખુલાસો માંગતા ખળભળાટ મચ્યો છે.

મોસાળે જમણ અને માં પીરસનારી જેવો તાલ ગીર સોમનાથ જીલ્લા પંચાયતમાં સિંચાઈ વિભાગમાં સર્જાયો છે. છેલ્લા ચાર વર્ષ કરતાં વધુ સમયથી જી. પં. સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરના ચાર્જમાં ફરજ બજાવતા નાયબ ઈજનેર સુનિલ રાઠોડએ પોતાના સગા ભાઈની ભાગીદારી ધરાવતી હરભોલે કન્ટ્રકશન કંપનીને કામો અપાવી મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાની વ્યાપક ચર્ચા વચ્ચે વેરાવળ તાલુકા યુવા ભાજપના ઉપપ્રમુખ પરેશ જોરાએ ઈજનેર સુનિલ રાઠોડના ભ્રષ્ટાચારને ખુલ્લો પાડી આધાર પુરાવા સાથે તકેદારી આયોગ, મુખ્યમંત્રી, ડીડીઓ, કલેકટરને લેખિત ફરિયાદ કરી છે. જેમાં જણાવ્યા મુજબ, પોતે મોગલ કન્ટ્રકશન નામની એજન્સી હેઠળ કન્ટ્રકશનના સરકારી-ખાનગી કામોનો વ્યવસાય કરે છે. થોડા સમય પહેલા જીલ્લા પંચાયત સિંચાઈ વિભાગના જુદા જુદા કામોમાં પોતાની મોગલ કન્ટ્રકશનનું ટેન્ડર નાખતા પ્રાઈમરી સ્ટેજમાં જ રદ કરી દીધેલ હતુ. આ મામલે સિંચાઈ ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર સુનિલ રાઠોડે એવું જણાવી દીધેલ કે હરભોલે કન્ટ્રકશન કંપની મારી જ છે એમાં મારો ભાઈ ભાગીદાર છે. જેથી સિંચાઈ વિભાગના ઉના વિસ્તારના કામો તો આ એજન્સી જ કરશે અને તમારે ઉના વિસ્તારના કામોમાં ટેન્ડર નાખવું નહીં એવું સ્પષ્ટપણે જણાવી દીધેલ હતુ.

બાદમાં ફરીયાદી પરેશ જોરાએ હરભોલે કન્ટ્રકશન કંપનીની તપાસ કરતાં આ કન્ટ્રકશન કંપની ના જીએસટી રજીસ્ટ્રેશન તેમજ પ્રોવિડન્ટ ફન્ડ રજીસ્ટ્રેશનમાં ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર સુનિલ રાઠોડનો સગો ભાઈ અનિરૂદ્ધ રાઠોડ હોવાના પુરાવા સામે આવતા સિંચાઈ વિભાગના ઈજનેર સુનિલ રાઠોડના ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવા અને પોતાના સાથે થયેલ અન્યાય બાબતે પુરાવા સાથે વિજીલન્સ, મુખ્યમંત્રી, ડીડીઓ અને જીલ્લા કલેકટરને લેખિત ફરિયાદ કરી તટસ્થ તપાસ કરાવી કાર્યવાહીની માંગ કરી હતી.

**કાર્યવાહી અટકાવવા ધમપછાડા થઈ રહ્યાની ચર્ચા**

જી.પં.ના સિંચાઈ વિભાગ હસ્તક વર્ષે કરોડોના કામો થાય પરંતુ કાર્યપાલક ઈજનેરની જગ્યા વર્ષોથી ખાલી છે. તે સ્થાને ચાર વર્ષ કરતાં વધુ સમયથી તો નાયબ ઈજનેર સુનિલ રાઠોડ જ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવે છે ત્યારે આધારભૂત સૂત્રોમાં ચર્ચાતી વિગતો મુજબ કાર્યપાલકની જગ્યા પર કાયમી અધિકારીની નિયુક્તીને ગાંધીનગર કક્ષાએથી જ કરવામાં આવતી નથી. કથિત ભ્રષ્ટ ઈજનેર સુનિલ રાઠોડ ગાંધીનગર સુધી સેટીંગ પાડતો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

## આમ આદમી પાર્ટી ધોરાજી શહેર દ્વારા ચીફ ઓફિસરને રસ્તાના રિસર્ફિંગ મામલે આવેદનપત્ર પાઠવ્યું



તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

ધોરાજી શહેરના વોર્ડ નંબર ૫ રંગાળી મોહલ્લાહ પાસે RCC રોડ તેમજ ભારે વરસાદના કારણે ડામર રોડ ધોવાઈ થતા રીફેનસિંગ કરાવવા રજુઆત કરાઈ તેમજ સરકારના પરિપત્ર મુજબ જન્મ પ્રમાણ પત્રમા ઉર્ફે નામની નોંધ બાબતે સરકારના પરીપત્રનો નાગરિકો લાભ મેળવી શકે તેવાં હેતુસર મુદ્દા પર રજુઆત કરી હતી.

## ઉત્તરાયણ પૂર્વે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીઓ માર્કેટમાં આવીઃવેપારી ઝડપાયો

રાજકોટઃ ઉત્તરાયણ પૂર્વે ગળા કાપતી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીઓ માર્કેટમાં આવી ગઈ છે અને વેંચાવા પણ લાગતાં પોલીસ સક્રિય થઈ ગઈ છે. રાજકોટ રૂરલ એલસીબીની ટીમે ગોંડલના જે.કે. ચોકમાં દરોડો પાડી ખોડીયાર સીઝન સ્ટોરમાંથી ૬૧ ફિરકા સાથે વેપારીને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. દરોડાની વિગત મુજબ ગોંડલ જે.કે. ચોક સુવાસ હોટલ પાસે ખોડીયાર સીઝન સ્ટોર નામની દુકાનમાં ચેક કરતા બે પુઠાના બોકસ પડેલ હોય જે બોક્સ ખોલી જોતા તેમાંથી પ્લાસ્ટીકની ચાઈનીઝ દોરાની ફીરકી મળી આવી હતી. જેથી સ્ટાફે દુકાનમાં કાઉન્ટર ઉપર બેસેલ શખ્સનું નામ પુછતા ગજેન્દ્ર ઉર્ફે ગોપાલ રમેશ ઉર્ફે પાંચા સદાદિયા (ઉ.વ.૨૬),(રહે. ગોંડલ ભગવતપરા શેરી નં-૧૩/૧૨ પટેલ વાડી સામે) જણાવ્યું હતું.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# રાજકોટ સબ રજિસ્ટ્રાર કચેરીમાં બોગસ દસ્તાવેજ કૌભાંડ

## જૂની કલેક્ટર કચેરીના કોન્ટ્રાક્ટ બેઈઝના ડેટા એન્ટ્રી કોમ્પ્યુટર સુપરવાઈઝર-કર્મચારીઓને ઉઠાવી લેવાયા

રાજકોટ, તા. ૧૧: રાજકોટ છેલ્લા બે-ત્રણ દાયકાથી રાજકોટમાં ભૂમાફિયાઓ દ્વારા દસ્તાવેજોમાં સાચા-ખોટા ચેડા કરી ખેડૂતની મરણમુડી સમાન કરોડોની જમીનો પચાવી પાડી અથવા તો કાનુની વિવાદોમાં ફસાવી નાણા પડાવવાના અનેક કૌભાંડો અખબારોમાં છપાઈ ચૂક્યા છે. ત્યારે વધુ એક ચોંકાવનારૂ કૌભાંડ સામે આવ્યું છે. જેમાં રાજકોટ સબ રજિસ્ટ્રાર કચેરીમાં બોગસ દસ્તાવેજના કૌભાંડનો ખુદ રજિસ્ટ્રાર દ્વારા પર્દાફાશ કરી પ્ર. નગર પોલીસ મથકમાં રાવ કરતા પ્ર. નગર પોલીસે ડેટા એન્ટ્રી કોમ્પ્યુટર સુપરવાઈઝર સહિત આઠ જેટલા કર્મચારીઓને ઉઠાવી પૂછપરછતો ધમધમાટ શરૂ કર્યો છે. તેમજ સાંજ સુધીમાં વિધીવત ગુનો દાખલ પણ કરવામાં આવશે તેવી શક્યતા છે. પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ રાજકોટ શહેરના પ્ર. નગર પોલીસ મથકના પીઆઇ ભાર્ગવ ઝણકાટની સૂચનાથી ડી સ્ટાફના જયેન્દ્રસિંહ સહિતની ટીમ વિસ્તાર પેટ્રોલીંગમાં નીકળી હતી તે દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થતા એક્ટિવા ચાલકને અટકાવી ડેકી ખોલાવતા તેમાંથી દારૂની બોટલ તેમજ ૧.૧૭ લાખ રોકડા તેમજ અમુક શંકાસ્પદ સબ રજિસ્ટ્રાર કચેરીના ડોક્યુમેન્ટ્સ મળી આવતા કુલ રૂ.૧.૬૯,૯૦૦ના મુદ્દામાલ સાથે જયદીપ




શાંતિલાલ ઝાલા (ઉ.૪૦, રહે. ખોડિયાર કૃપા સોસાયટી, કોઠારીયા રોડ)વાળાની ઘરપકડ કરી પૂછપરછ હાથ ધરી હતી. આ દરમિયાન જાણવા મળ્યુ હતું કે, દાયકાઓ પહેલાના જૂના દસ્તાવેજોમાં નામ બદલી કૌભાંડ આચરાયુઃ ગુનો નોંધવા કાર્યવાહી પોલીસે જેને એક્ટિવા સાથે ઝડપી લીધો હતો તે જયદીપ ઝાલા અને અન્ય સબ રજિસ્ટ્રાર કચેરીમાં કોન્ટ્રાક્ટ બેઈઝ પર ડેટા અન્ટ્રીનું કામ કરતા શખ્સોએ ત્રણથી ચાર દાયકા અગાઉના જૂના દસ્તાવેજોમાં નામ ફેરવી કરોડોનું જમીન કૌભાંડ આચર્યુ હોવાની સબ રજિસ્ટ્રારે શંકાઓ વ્યક્ત કરતા પ્ર. નગર પોલીસને વિગતો જણાવી હતી. જેના આધારે પોલીસે જયદીપને ઉઠાવી લીધો હતો. તે દરમિયાન તેના એક્ટિવાની ડેકીમાંથી સબ રજિસ્ટ્રાર કચેરીને લગતા મહત્વના ખરી નકલો સાહિતની ડોક્યુમેન્ટ્સ સાથેની થેલી મળી આવી હતી. પ્ર. નગર પોલીસે ઝડપી લીધેલા જયદીપ ઝાલાની અલગ- અલગ એન્ગલથી પૂછપરછથી હાથ ધર્યા બાદ આ અંગેની જાણ થતા ખુદ સબ રજિસ્ટ્રાર પોલીસ મથક ખાતે દોડી આવતા એસીપી સહિતના અધિકારીઓ પણ મોડી રાત સુધી પોલીસ મથક ખાતે દોડી જઈ પૂછપરછનો ધમધમાટ શરૂ કર્યો હતો. સબ રજિસ્ટ્રાર કચેરી સિટી ઝોન-૧ અને સિટી ઝોન- ૨માં ડેટા એન્ટ્રીનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હોય તે દરમિયાન ડેટા એન્ટ્રી કોમ્પ્યુટર સુપરવાઈઝર જયદીપ ઝાલા તેમજ કર્મચારી અર્જુન ઝાલા અને જયેશ સુરાણી સહિતનાઓએ મોટા કૌભાંડ આચર્યા હોવાની શંકાઓ વ્યક્ત કરી હતી. જેમાં મઘરવાડાના ખેડૂતની જમીન સહિત અનેક ખેડૂતના નામ બદલી અન્ય નામ નાખી કૌભાંડ આચરવામાં આવ્યુ હતું,

# સુરેન્દ્રનગરમાં જીસીઈઆરટી દ્વારા અંગ્રેજીના શિક્ષકની તાલીમનો કાર્યક્રમ યોજાયો



રિપોર્ટરઃ જયેશભાઈ મોરી

## અંગ્રેજી વિષય સરળતાથી શિક્ષણ કાર્યમાં બાળકો સુધી પહોંચાડવા આયોજન

સુરેન્દ્રનગર, તા. ૧૧: જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત અને ડાયટ સુરેન્દ્રનગર માર્ગદર્શિત બી.આર.સી ભવન થાનગઢ આયોજિત અંગેજી વિષયની શિક્ષક સજજતા તાલીમનું આયોજન પે.શાળા નંબર ૩ થાનગઢ ખાતે કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં સભાનતા કેળવે અને વ્યવહારિક જીવનમાં પણ તેનો ઉપયોગ કરી શકે. તેમજ અંગ્રેજી વિષય સરળતાથી શિક્ષણ કાર્યમાં બાળકો સુધી પહોંચાડી શકાય તે હેતુથી પ્રવૃત્તિલક્ષી તાલીમનું આયોજન કરવામાં આવ્યું. તાલીમના તજજ્ઞ તરીકે રાજેશભાઈ હળવદિયા, નાનજીભાઈ દલવાડી અને મહેશભાઈ પટેલ તથા બી આર સી પ્રિયંકકુમાર એમ કોષ્ટી તથા શાળા પરિવારે સફળ પ્રયત્ન કર્યા હતા.

# પોતાના હક્કની બહારનું અને જરૂરિયાત કરતા વધારાનું મેળવવા લોકો ભ્રષ્ટાચારને શોધે છે : ભુપેન્દ્ર પટેલ

## લાંચ રૂશ્વત એટલે માત્ર એક શબ્દ નહીં, પરંતુ તે આપણાં સમાજમાં વિકાસના માર્ગ આડે રહેલો એક મોટો અવરોધ છે, જેમની લડાઈમાં એસીબીની ટીમ સફળ થઈ છે હર્ષ સંઘવી



રાજકોટ. તા.૧૨: ગાંધીનગરમાં યોજાયેલ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરપ્સન વિરુદ્ધની લડાઈમાં દ્રઢ મનોબળ અને મજબૂતી સાથે આગળ વધવાનું આહવાન કરી કહ્યું કે, ભ્રષ્ટાચારમાં બે શબ્દો છે ભ્રષ્ટ અને આચાર જ્યારે કોઈ વ્યક્તિ પોતાના હક્કની બહારનું અને જરૂરિયાત કરતા વધારાનું મેળવવાના શોર્ટકટ શોધે ત્યારે નૈતિકતા ગુમાવે છે અને ભ્રષ્ટાચારને પોષે છે. આપણે જે વાતાવરણ બન્યું છે તેને તોડવું પડશે અને મજબૂતીથી મક્કમ નિર્ધારથી ભ્રષ્ટાચાર સામેની લડાઈ તેજ બનાવવી પડશે.

તેમજ આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસે રાજ્ય સરકારના લાંચરુશ્વત વિરોધી બ્યુરો દ્વારા આયોજિત કાર્યક્રમમાં ભ્રષ્ટાચાર - લાંચરુશ્વતની બદી સામે અવાજ ઉઠાવીને ભ્રષ્ટાચાર આચરનારા રુશ્વત માંગનારા અધિકારીઓ-કર્મચારીઓને જબ્બે કરવામાં એસીબીને સહાયક બનેલા સામાન્ય નાગરિકો એવા ૧૦ જેટલા ફરિયાદીઓનું કેર અંતર્ગત સન્માન પણ મુખ્યમંત્રીએ ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને મુખ્ય સચિવ રાજકુમારની ઉપસ્થિતિમાં કર્યું હતું.

ભ્રષ્ટાચાર વિરુદ્ધ ફરિયાદ આપનારા ફરિયાદીને કોઈ હેરાનગતિ ન થાય તે માટે યોગ્ય સુરક્ષા, સહાયતા પૂરી પાડવા સાથે ફરિયાદીનો રૂબરૂ સંપર્ક કરી વિગતો, સૂચનો મેળવીને તેની રજૂઆતોના અનુસંધાને નિવારણ પણ લાવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ કેર પ્રોગ્રામ અંતરગ ૧૮૬૪ ફરિયાદીનો રૂબરૂ સંપર્ક કરવામાં આવ્યો છે. તેમજ તે ફરિયાદીઓ પાસેથી મળેલા ૧૭૫ સૂચનો અને કર જેટલી રજૂઆતો મેળવીને ૨૩ જેટલા કેસમાં નિરાકરણ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેર અંતર્ગત ફરિયાદ કરનારા નાગરિકોને તેમની જાગરૂકતા અંગે પ્રમાણપત્રો આપી સન્માનિત કરી જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં એક મોટો બદલાવ આવ્યો છે. જો લોકોનું ભલું કરવાની ઈચ્છાશક્તિ હોય તો એક વ્યક્તિ કેવા સારા પરિણામો લાવી શકે તેનું દેશ સમક્ષ આ એક મોટું ઉદાહરણ છે. વડાપ્રધાનએ દેશને ૧૧મી આર્થિક મહાસત્તાથી પાંચમા ક્રમે લાવી દીધો છે, હવે વિકસિત ભારત ૨૦૪૭ અંતર્ગત ભારતને ત્રીજી મોટી આર્થિક મહાસત્તા બનાવવાનો તેમનો સંકલ્પ છે. દેશમાં જ્યારે આવો મોટો બદલાવ આવ્યો છે ત્યારે કરપ્શનનો અવરોધ દૂર કરવાના સહિયારા પ્રયાસો પણ એટલા જ જરૂરી છે. એન્ટીકરપ્શન બ્યુરોના રાજ્યભરના અધિકારીઓ-કર્મચારીઓને પ્રેરણા આપતા ઉમેર્યું કે, ટીમવર્કથી અને ક્યાંય કોઈ ખચકાટ વિના કરપ્શન સામેની લડાઈ લડવામાં પાછા ના પડશો. રાજ્ય સરકાર તમારી પડખે રહેશે.

ગૃહ રાજ્ય મંત્ર હર્ષ સંઘવીએ રાજ્યના સામાન્ય નાગરિકોને પોતાનો હક્ક અને ન્યાય અપાવવા લાંચ રૂશ્વત વિરુદ્ધ લડાઈ લડી રહેલી એન્ટી કરપ્શન બ્યુરોની સમગ્ર ટીમને અભિનંદન પાઠવતા કહ્યું કે, લાંચ રૂશ્વત એટલે માત્ર એક શબ્દ નહીં, પરંતુ તે આપણાં સમાજમાં વિકાસના માર્ગ આડે રહેલો એક મોટો અવરોધ છે. જે ન્યાય, સમાનતા અને પારદર્શકતાના મૂલ્યોની સાથે-સાથે નાગરિક હિતોને પણ નુકસાન પહોંચાડે છે.


ભૂપેન્દ્રભાઈ પટેલે જ્યારથી મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો ત્યારથી ભ્રષ્ટાચારીઓ સામે કડક કાર્યવાહી કરવા માટે એન્ટી કરપ્શન બ્યુરોની ટીમને ખુલ્લા હાથની છૂટ મળી છે. તેના પરિણામે ગુજરાતમાં સૌથી વધુ લાંચિયા અધિકારી-કર્મચારીઓને ગંગાજળ પીવડાવવાનો શ્રેય પ્રાપ્ત થયો છે. તેમજ સમાજના ગરીબ અને સામાન્ય વર્ગના નાગરિકોને ન્યાય અપાવવાનું અને માનવતાનો ધર્મ અદા કરવાની કાર્ય એસીબી કરી રહી છે.

કાર્યક્રમમાં મુખ્ય સચિવ રાજકુમાર, ગૃહ વિભાગના અને મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસ, વિઝલન્સ કમિશનર સંગીતા સિંઘ, એન.એફ.એસ.યુ.ના વાઈસ ચાન્સેલર ડો.જે.એમ.વ્યાસ તેમજ ગુજરાત રાજ્ય લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો સાથે જોડાયેલા અધિકારી- કર્મચારીશ્રીઓ, વિદ્યાર્થીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



ગઈકાલે રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં પોપટભાઈ સોરઠીયા સબયાર્ડમાં પુષ્કળ પ્રમાણમાં ડુંગળી આવક છે, અંદાજે ૫૦૦૦૦થી વધુ કટ્ટાની આવક થઈ, રાજકોટ માર્કેટયાર્ડના ચેરમેનશ્રી જયેશભાઈ બોઘરા, ડીરેક્ટરશ્રીઓ તેમજ સ્ટાફ દ્વારા આ ઉતરાઈની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# વલસાડ પોલીસે ઝડપેલા સીરિયલ કિલરને ગુજરાતમાં જ ફાંસી થશેઃ ગૃહમંત્રી હર્ષ સંઘવી



## સજ્જડ પૂરાવાઓ સાથે ચાર્જશીટ રજૂકરવા પોલીસને સૂચના આપી

ગાંધીનગર, તા. ૧૧ઃ વલસાડ જિલ્લાના પારડી ખાતે ૧૯ વર્ષિય દીકરી પર દુષ્કર્મ અને હત્યાની બનેલી ઘટના ખૂબ જ કરુણ અને વેદનાસભર છે. આ પ્રકારની ઘટના ક્યારેય કોઈ પણ રાજ્યમાં ન બને તેવી પ્રાર્થના કરી ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આ ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈને અનેક રાજ્યોમાં ૮ હત્યા સહિતના સંખ્યાબંધ ગુનાઓ આચરનાર ઝનૂની, ક્રૂર, નિર્દય અને અમાનુષી સિરિયલ કિલરને પકડી પાડનાર વલસાડ પોલીસ સહિત ગુજરાત રેલવે પોલીસ અને લાજપોર જેલ કર્મીઓને અભિનંદન પાઠવ્યા હતા.

બેખોફ બનેલા આંતરરાજ્ય સિરિયલ કિલરને પકડવામાં દિવસ-રાત એક કરી એક મજબૂત ટીમ વર્ક સાથે ગણતરીના દિવસોમાં ગુનો ડિટેક્ટ કરી આ પ્રશંસનીય કામગીરી બદલ ગાંધીનગર ખાતે હર્ષ સંઘવી અને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના હસ્તે ૧૭૨ પોલીસ અધિકારી-કર્મચારીઓને રૂ.૧૨.૦૯ લાખના રોકડ ઈનામ આપવામાં આવ્યા હતા.

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને ગુજરાતમાં મળી કુલ છ ગુનાઓ આચર્યા હોવાની કબૂલાત કરનાર આ સિરિયલ કિલરે વધુ બે હત્યાના ગુનાઓની કબૂલાત પોલીસ પૂછપરછ દરમિયાન કરી છે. દુષ્કર્મ અને હત્યા જેવા ગંભીર આઠ ગુનાઓ ઉપરાંત આ ગુનેગારે ટ્રક ચોરી, આર્મ્સ એક્ટ, સરકારી નોકર પર હુમલો જેવા અન્ય ૧૩થી વધુ ગુનાને અંજામ આપ્યો હતો.

# રાજકોટ બાર એસો.ની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટઃ ૫૧ ઉમેદવારો વચ્ચે ૨૦મીએ જંગ

## સમરસ, એક્ટિવ અને કાર્યદક્ષ પેનલ સહિતના સ્વતંત્ર ઉમેદવારોની આબરૂદાવ પર; માત્ર બે નામાંકન પત્ર પરત ખેંચાયા

રાજકોટ, તા.૧૧ સૌરાષ્ટ્રના સૌથી મોટા ગણાતા રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણી ૨૦૨૫ માટે મતદાન તારીખ ૨૦ ડિસેમ્બરના રોજ યોજાવાનું છે ત્યારે ગઈકાલે ઉમેદવારી ફોર્મ પાછા ખેંચવાના અંતિમ દિવસે સાંજ સુધીમાં સેક્રેટરીમાં એક અને કારોબારીમાં એક એમ કુલ બે નામ પત્રો પાછા ખેંચાતા હવે છ હોદ્દેદારો અને દસ કારોબારી સભ્યોમાં ત્રણ પેનલો સહિત ૫૧ ઉમેદવારોનું આખરી ચિત્ર સ્પષ્ટ થયું છે, ત્યારે ત્રિપાંખિયા જંગમાં દિલીપ જોષીની કાર્યદક્ષ પેનલ, બકુલ રાજાણીની એક્ટિવ પેનલ અને પરેશ મારુની સમરસ પેનલ એમ ત્રણેય પેનલ દ્વારા વ્યક્તિગત સંપર્ક સહિત પ્રચાર કાર્ય જોરશોરથી શરૂ કરી દેવામાં આવ્યું છે. રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણી ૨૦૨૫માં પ્રમુખપદ, ઉપ- પ્રમુખ, સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી ખજાનચી, લાઈબ્રેરી સેક્રેટરી વગેરે છ હોદ્દેદારો અને મહિલા અનામત સહિત ૧૦ કારોબારી સભ્યો મળી કુલ ૧૬ જગ્યાઓ માટે ચૂંટણી તા. ૨૦ ડિસેમ્બરના રોજ યોજાવાની છે. જેમાં પ્રમુખપદ માટે છ ઉમેદવારો, ઉપપ્રમુખ પદમાં ત્રણ, અને સેક્રેટરીમાં ચાર, જોઈન્ટ સેક્રેટરીમાં બે, ટ્રેઝરરમાં ત્રણ, લાઈબ્રેરી સેક્રેટરીમાં બે, કારોબારી મહિલા અનામતમાં ચાર અને જનરલ કારોબારીમાં ૨૭ ઉમેદવારોનું આખરી વ્યું છે. જેમાં ચિત્ર હોવાનું બહાર આવ્યું છે. ત્રિપાખિયો જંગ મંડાઈ ચુક્યો છે. જેમાં બેઠકવાઈઝ ઉમેદવારો જોઈએ તો પ્રમુખપદ માટે પાંચ ઉમેદવારોમાં હરીસિંહ મનુભા વાઘેલા, દિલીપભાઈ, નટવરલાલ જોષી, બકુલભાઈ રાજાણી, પરેશભાઈ ભગવાનજીભાઈ મારુ, અતુલકુમાર મોહનલાલ જોશી અને કૌશિક કાંતિલાલ પંડ્યાનો સમાવેશ થાય છે. ઉપપ્રમુખમાં ત્રણ ઉમેદવારોમાં મયંકકુમાર રમણીકલાલ પંડયા, નીરવકુમાર કરુણાશંકર પંડયા અને સુમિત ધીરજલાલ વોરા. સેક્રેટરીપદમાં ચાર ઉમેદવારોમાં સંદીપ મનજીભાઈ વેકરીયા, વિનેશ કદમકાંત છાયા, કેતનકુમાર પ્રફુલચંદ્ર દવે અને પરેશકુમાર મનસુખલાલ વ્યાસ. જોઈન્ટ સેક્રેટરીના બે ઉમેદવારોમાં જીતેન્દ્ર હિંમતલાલ પારેખ અને ગિરિરાજસિંહ ચંદ્રસિંહ જાડેજા ટ્રેઝરરમાં ત્રણ ઉમેદવારોમાં કૈલાશ જીતેન્દ્રભાઈ જાની, રાજેશ બચુભાઈ ચાવડા અને પંકજ રામજીભાઈ દોંગા. લાઈબ્રેરી સેક્રેટરીના બે ઉમેદવારોમાં રવિ ભુપેન્દ્રભાઈ ધ્રુવ અને કેતન વાજસુરભાઈ મંડ. કારોબારી સભ્ય મહિલા અનામતમાં ચાર ઉમેદવારોમાં અરુણા/ અલકા હરિલાલ પંડયા, રૂપલબેન ભાસ્કરભાઈ થડેશ્વર, હર્ષા નીરવકુમાર પંડયા અને રક્ષા ગિરીશભાઈ ઉપાધ્યાયનો સમાવેશ થાય છે. છ હોદ્દેદારોને દસ કારોબારી સભ્યોની ૧૬ બેઠકો માટે કુલ ૫૧ ઉમેદવારોમાં ત્રણ પેનલો ચાર વખત સેક્રેટરી રહી ચૂકેલા સિનિયર ધારાશાસ્ત્રી દિલીપભાઈ જોષીની કાર્યદક્ષ પેનલ, એડવોકેટ પરેશ મારુની સમરસ પેનલ અને વર્તમાન સહિત ત્રણ વખત પ્રમુખ ચૂંટાયેલા બકુલ રાજાણીની એક્ટિવ પેનલ મેદાનમાં આવતા રોમાંચક જંગ જામ્યો છે. વકીલોના આંતરિક વર્તુળોમાંથી જાણવા મળ્યા મુજબ બારની ચૂંટણીમાં ભાજપ લીગલ સેલના બે જૂથો અંદરખાને સક્રિય થયા હોય જ્ઞાતિવાદ અને ક્રોસ વોટિંગ થવાની સંભાવના સિનિયરો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્યારે બારની પ્રતિષ્ઠા અને આબરૂ જાળવવા માટે સિનિયર વકીલોએ આગળ આવવું જોઈએ એવો મત પ્રવર્તી રહ્યો છે. તારીખ ૨૦મીએ સવારે ૯:૦૦ કલાકે બપોરના ત્રણ કલાક દરમિયાન ચૂંટણીનું મતદાન યોજાશે. ત્યારબાદ સાંજના મતગણતરી હાથ ધરવામાં આવશે.

# જૂના યાર્ડ પાસે જીવલેણ અકસ્માતઃ ટેન્કર પાછળ સ્કૂટર ઘુસી જતાં મોરબી રોડના યુવાનનું મોત

રાજકોટ, તા.૧૨ઃ રાજકોટમાં જીવલેણ માર્ગ અકસ્માતમાં વધુ એકનો ઉમેરો થયો હોય તેમ આજે બપોરે જુના માર્કેટ યાર્ડ પાસે સર્જાયેલા અકસ્માતમાં સ્કૂટર ચાલક યુવકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. પાણીના ટેન્કર પાછળ સ્કૂટર ઘુસી જતાં આ પ્રાણઘાતક અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતની પ્રાથમિક વિગતો પ્રમાણે જુના માર્કેટ યાર્ડ પાસે બપોરે ૧૨-૩૦ વાગ્યાના અરસામાં પાણીના ટેન્કરની પાછળ સ્કૂટર ઘુસી ગયું હતું અને તેના ચાલકનું ઘટના સ્થળે જ મોત થઇ ગયું હતું. અકસ્માત સર્જાયાના પગલે લોકોના ટોળા એકઠા થઇ ગયા હતા અને યુવકને સારવાર માટે ખસેડવાના પ્રયત્ન થયા હતા





પરંતુ ઘટના સ્થળે જ પ્રાણ પંખેરુ ઉડી ગયું હોવાનું જાહેર થયું હતું. દુર્ઘટનામાં મોતને ભેટેલો યુવાન આજી ડેમ માંડાડુંગર પાસે જલારામ ઓટો ગેરેજ ચલાવતો હોવાનું બહાર આવ્યું છે.

મોરબી રોડ પર સેટેલાઇટ ચોક નજીક ઘનશ્યામનગરમાં રહેતા યુવકનું નામ પ્રદિપ રાજેન્દ્રભાઇ પ્રજાપતિ હોવાનું બહાર આવ્યું છે. ૨૭ વર્ષીય યુવાન પરિણીત હોવાનું અને સંતાનમાં ત્રણ વર્ષનો પુત્ર હોવાનું બહાર આવ્યું છે. ઘટનાની જાણ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો અને ત્રણ વર્ષના માસૂમ પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવી છે.

દુર્ઘટનાની કરૂણતા તો એ છે કે યુવકને અકસ્માત નડ્યો તે દરમિયાન તેના મોબાઇલ ફોન પર તેની પત્નીનો ક્યારે જમવા આવો છો તેવું પુછાણ કરતો ફોન આવ્યો હતો. આ સમયે ઘટના સ્થળે હાજર લોકોએ ફોન ઉપાડીને બનાવ વિશે જાણ કરતાં પરિવાર પર આભ તુટી પડ્યું હતું.

# થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે રાજકોટ આવતો ૩૨૦૦૦ બોટલ દારૂ સુરત પાસે પકડાયો

## સ્ટેટ મોનીટરીંગ સેલના ડીઆઇજી નિર્લિપ્ત રાય, ડીવાયએસપી કે. ટી. કામરીયાના માર્ગદર્શન હેઠળ પીઆઇ સી. એચ. પનારા અને તેમની ટીમની કામગીરી

રાજકોટ, તા.૧૨ઃ સ્ટેટ મોનીટરીંગ સેલે સુરતની કડોદરા ચોકડી નજીક નેશનલ હાઇવે નં-૪૮ પાસે વોચ ગોઠવી થર્ટીફસ્ટની ઉજવણી માટે રાજકોટ આવતો ૩૨૦૦૦ બોટલ દારૂ ઝડપી લીધો હતો. દમણથી દારૂ લવાયો હતો, વાપીથી બે ટ્રકમાં ભરાયો હતો. દારૂનો જથ્થો મંગાવનાર રાજકોટના શખ્સની ઓળખ કરી ઝડપી લેવા તજવીજ કરાઇ છે.

પોલીસ સૂત્રોએ આપેલી વિગત અનુસાર, સ્ટેટ મોનીટરીંગ સેલની કડક કાર્યવાહીથી ગુજરાત ભરમાં ગુનેગારો થરથર ધ્રુજે છે. ત્યારે ડીજીપી વિકાસ સહાયની સૂચનાથી સ્ટેટ મોનીટરીંગ સેલના ડીઆઇજી નિર્લિપ્ત રાય, ડીવાયએસપી કે. ટી. કામરીયાના માર્ગદર્શન હેઠળ એસએમસીના પોલીસ અધિકારીઓ - કર્મચારીઓ સતત કાર્યવાહીમાં એક્ટિવ છે. ગઇકાલે પીઆઇ સી.



એચ. પનારા અને તેમની ટીમને બાતમી મળી હતી કે, વાપી ખાતેથી બે ટ્રકમાં દારૂ ભરી રાજકોટ તરફ જવા રવાના થયેલ છે. બંને ટ્રકમાં એક આરોપીએ માલ ભરી દીધો છે.

એક ટ્રકનાં નંબર જીજે ૧૯- વાય -૭૯૯૩ છે અને બીજા ટ્રકનાં નંબર જીજે -૧૯- વાય -૨૩૪૮ છે. જેથી એસએમસી ટીમ દ્વારા રેઇડનું આયોજન કરાયું હતું. પીઆઇ પનારા, સાથે હેડ કોન્સ્ટેબલ પ્રતાપકુમાર કાળુભાઇ, ભરતસિંહ જોરૂભા, નિખિલેશભાઇ ભાનુપ્રસાદ સહિતની ટીમે સુરત નજીક કડોદરા ચોકડી નેશનલ હાઇવે નં-૪૮ પાસે આવેલ અને નેશનલ હાઇવે નં-૪૮ વોચ ગોઠવી પેટ્રોલિંગ શરૂ કર્યું હતું. દરમ્યાન હાઇવે પર મહાદેવ કાઠિયાવાડી હોટલ પાસે બાતમી વાળો પ્રથમ ટ્રક નીકળતા તેને અટકાવી ચાલક વિવેકકુમારની ધરપકડ કરી હતી.

આ આરોપીએ બીજા ટ્રક વિશે જણાવેલ કે, બીજા ટ્રકમાં ચાલક અનિલ યાદવ હતો. અમે વાપીથી ટ્રકમાં દારૂ ભરી નીકળ્યા ત્યારે આ ટ્રક મારાથી ૫-૭ કિમિ આગળ હતો. પણ અમે અહીં મહાદેવ કાઠિયાવાડી હોટલ ખાતે ચા નાસતો કરવા ઉભા રહેવાનું નક્કી કર્યુ હતું. જેથી એસએમસી ટીમે હોટલના પાર્કિંગમાં તપાસ કરતા બીજો ટ્રક પણ ત્યાં પાર્ક કરેલ મળેલો હતો. પણ તેનો ચાલક મળી આવ્યો નહોતો.

દારૂ સપ્લાય કરનાર, દારૂ મંગાવનાર, ટ્રકના માલીક નાસી ગયેલ ચાલકની શોધખોળ હાથ ધરી છે. પોતાના આર્થિક ફાયદા માટે એકબીજાની મદદગારી કરી દારૂના જથ્થાની વાહનમાં હેરફેર કરતા તમામ આરોપીઓ સામે કામરેજ પોલીસ મથક ખાતે ગુજરાત નશાબંધી અધિનિયમ મુજબ કાયદેસર ફરીયાદ દાખલ કરાઇ છે. વધુ તપાસ હાથ ધરી જે જે આરોપીઓના નામ ખુલ્યા છે તેની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કરાયાં છે.

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે આરોપી ટ્રક ડ્રાઇવર (૧) વિવેકકૂમાર શ્યામસુંદર યાદવ (ઉ.વ ૨૯ ધંધો. ડ્રાઇવીંગ રહે- જગદિશપૂર ગામ તા- હંડિયા જી- પ્રયાગરાજ, ઉત્તર પ્રદેશ)ને ઝડપી લઇ ધરપકડ કરી હતી. તેણી પુછપરછમાં દારૂનો જથ્થો ભરી આપનાર આરોપી (૨) માણેક પટેલનું નામ આપ્યું હતું. ઉપરાંત માણેક પટેલનો સંપર્ક કરાવનાર (૩) રવિન્દ્ર રાજપૂત તેમજ જેણે દારૂનો જથ્થો મંગાવ્યો હતો. તે આરોપી (૪) રાજકોટનો અજાણ્યો શખ્સ, આરોપી (૫) ટાટા ટ્રક રજીસ્ટર નંબર જીજે -૧૯ -વાય -૭૯૯૩નો મુળ માલીક, આરોપી (૬) ટાટા ટ્રક નંબર જીજે -૧૯- વાય -૨૩૪૮ નો મુળ માલીક અને આરોપી (૭) ટાટા ટ્રક નંબર જીજે -૧૯- વાય -૨૩૪૮ નો નાસી જનાર ચાલક અનિલ યાદવ આમ કુલ ૭ આરોપી સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

# આજથી રાજકોટ ભાજપની સંગઠન નવરચના કામગીરી ફરી શરૂ: ત્રણ દિવસમાં વોર્ડ પ્રમુખ નિશ્ચિત થઇ જશે



રાજકોટ, તા.૧૨: ગુજરાત ભાજપમાં સંગઠન નવરચના સમયે પક્ષ દ્વારા વોર્ડ-તાલુકા અને મહાનગર તેમજ જિલ્લા પ્રમુખો માટે અગાઉ ઉંમર મર્યાદા નિશ્ચિત થઇ હોવાના અહેવાલ બાદ જે રીતે પક્ષમાં વ્યાપક વિરોધ થયો અને સીનીયર-જુનીયર વચ્ચે કોઇ બેલેન્સ રહેતું ન હોવાની વ્યાપક ફરિયાદ હતી તે પછી પણ પક્ષે વોર્ડ અને મંડલ પ્રમુખમાં ૪૦ વર્ષની ઉંમર મર્યાદા યથાવત રાખી છે.

જો કે તેમાં બે-ચાર વર્ષની છૂટછાટ અપાશે પરંતુ કોઇ મોટો ફેરફાર કરાશે નહીં. આવતીકાલથી રાજકોટમાં નવા સંગઠનની રચનાની કામગીરી શરુ થઇ જશે. કાલે દરેક બુથ વાલીને બોલાવીને વોર્ડની ટીમ માટે અભિપ્રાય મેળવાશે અને ત્યારબાદ શહેરની સંકલનની બેઠક મળશે.

આગામી ત્રણ દિવસમાં આ પ્રક્રિયા પુરી કરાશે. બીજી તરફ સંગઠનમાં પણ હવે અન્ય પક્ષમાંથી આવેલા લોકોને સ્થાન મળશે. ભાજપે ફકત વિચારધારાને જ મહત્વ આપ્યું છે અને તે રીતે પક્ષની વિચારધારાને અપનાવનારને હોદા અપાશે તે નિશ્ચિત છે. સુરત તેમજ અમદાવાદ સિવાય ૬ મહાનગરોમાં કાલે ફરી પક્ષ દ્વારા નિયુક્ત થયેલા ચૂંટણી નીરીક્ષકો પહોંચી જશે અને તેઓ વોર્ડ કક્ષાની નવરચના માટે કામગીરી આગળ ધપાવશે. રાજકોટમાં અગાઉ નિરિક્ષક તરીકે નિયુક્ત થયેલા માયાબેન કોડનાણી અને સહ નિરિક્ષકો આવતીકાલે ફરી રાજકોટ આવી રહયા છે અને તેઓ વોર્ડ કક્ષાએ પ્રમુખ સહિતની નિયુક્તિ માટેની કામગીરી આગળ વધારશે.

જો કે જિલ્લા કક્ષામાં હાલ મંડલમાં થોડો સમય પછી પ્રમુખ સહિતની નિયુક્તિ થશે. સુત્રોના જણાવ્યા મુજબ પક્ષ દ્વારા હાલ જે મંડલમાં ૧૦૦ કે તેથી વધુ બુથ આવેલા છે તેનું બાયફરગેશન એટલે કે મોટા મંડલ કે જેમાં ૧૦૦ કે વધુ બુથ આવતા હોય તેમાં બુથની સંખ્યા ઘટાડી શકાશે અને નવા મંડલ ઉભા કરાશે અને તે કામગીરી પુરી થયા બાદ નવા મંડળમાં નિયુક્તિ આગળ વધશે.

પક્ષે ઉંમર મર્યાદાને ચૂસ્ત રીતે લાગુ કરવામાં ફકત સ્થાનિક કક્ષાએ જ ખાસ ભલામણ હશે તો જ ફેરફાર કરાશે. રાજકોટમાં હાલ ૧૩૨ દાવેદારો વોર્ડ પ્રમુખ માટે આવ્યા છે અને તેમાંથી મોટાભાગે પસંદગી થાય તેવી ધારણા છે. અગાઉ જે ઉંમર મર્યાદાને કારણે વિવાદ થયો હતો.

તેમાં પક્ષે હાલ કોઇ ફેરફાર નહીં કરવા નિર્ણય લીધો છે અને તેના કારણે વોર્ડ કક્ષાએ જુનિયર-સિનિયર પર રાજ કરતાં થઇ જાય તે દિવસો દૂર નહીં હોવાનો કચવાટ શહેર ભાજપમાં વ્યકત થઇ રહ્યો છે.

---

# જંગલેશ્વરના નદી કાંઠે મેગા ડિમોલીશન પૂર્વે મનપામાં ટોળા પહોંચ્યાઃ હિયરીંગ

## સુપ્રિમ કોર્ટના માર્ગદર્શન મુજબ અસરગ્રસ્તોને સાંભળતા અધિકારીઓ ધાર્મિક સહિત ૯૮૭ દબાણો હટાવાશે આવાસની માંગણીનો પણ ઢગલો



રાજકોટ, તા.૧૨: શહેરના વોર્ડ નં.૧૬માં જંગલેશ્વરના નદી કાંઠે કાચા-પાકા મકાન બાંધીને ગેરકાયદે રહેતા ૯૮૭ મિલ્કત ધારકોને ડિમોલીશનની નોટીસ એક થી વધુ વખત અપાઇ ચૂકી છે ત્યારે આજે સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન મુજબ ઓપરેશન પૂર્વે અસરગ્રસ્તોને સાંભળવા જરૂરી હોય. ટી.પી., બાંધકામ સહિતની શાખાના અધિકારીઓ દ્વારા તેઓને સાંભળવામાં આવ્યા હતા. દસ્તાવેજ ધરાવતા અને ન હોય તેવા પરિવારોએ પણ વિકલ્પમાં આવાસની માંગણી મુકી છે.

આજી રીવરફ્રન્ટ પ્રોજેક્ટ અને ડૂબમાં આવતા વિસ્તારને સલામત કરવા આ ઓપરેશન માટે લાંબા સમયથી તૈયારી ચાલી રહી છે. જંગલેશ્વરમાં થોડા સમય પહેલા ૯૮૭ દબાણકર્તાઓને નોટીસ અપાઇ હતી. ગઇકાલે વોર્ડ નં. ૩ માં બે ધાર્મિક સ્થળો તોડી પાડતા અને જંગલેશ્વર સહિતના વિસ્તારોમાં આપાયેલ નોટીસની મુદત પણ પુર્ણ થતાં આજે મનપાની ઈસ્ટઝોન કચેરી ખાતે પોતે આ સ્થળ ઉપર વર્ષોથી રહેતા હોવાના લાઇટબીલ-વેરાબીલ સહિતના પુરાવાઓ રજૂ કરી ડિમોલેશન ન કરવાની વિનંતી કરી હતી.

શહેરના ભગવતીપરા, પોપટપરા અને જંગલેશ્વરના નદી કાંઠાના તેમજ મુખ્યમાર્ગો પર થયેલા ગેરકાયદેસર બાંધકામો તેમજ ધાર્મિર સ્થળોના દબાણો દૂર કરવા માટે આ નોટીસો અપાઇ છે. પરંતુ સુપ્રીમ કોર્ટની સુચના અન્વયે મુખ્યમાર્ગો પર આવતા કોઇ પણ દબાણો દૂર કરવાની કાર્યવાહી કરવાની હોવાથી ગઇકાલે વોર્ડ નં.૨ અને ૩માં ઓપરેશન કરાયા હતા. હવે જંગલેશ્વરના દબાણકારોની મુદત પણ પુરી થઇ છે. આથી આજે તેઓ પોતાની વાત મુકવા દોડી આવ્યા હતા.

જંગલેશ્વર વિસ્તારમાં સૌથી વધુ નોટીસો અપાયેલ હોય આ વિસ્તારની મહિલાઓ તેમજ પુરુષોએ આજે ઈસ્ટઝોન કચેરી ખાતે જઈ ડિમોલેશન ન કરવામાં આવે તે માટે અધિકારીઓને રજૂઆત કરી હતી. અધિકારીઓએ તેમની પાસે દસ્તાવેજો માંગ્યા છે. નિયમ મુજબ મળવા પાત્ર હોય તેઓને આવાસ પણ આપવાના છે પરંતુ મોટી સંખ્યામાં પરિવારો આવાસ વગરના હોય, આ અસરગ્રસ્તોનો પ્રશ્ન મોટો થાય તેવું લાગી રહ્યું છે.

મહાનગરપાલિકાના અલગ અલગ હેતુ માટેના પ્લોટ ઉપર વર્ષોથી દબાણો થઈ ગયા છે. તેમજ છેલ્લા બે વર્ષ દરમિયાન મંજુર થયેલ ટીપી સ્કીમોમાં મહાનગરપાલિકાને મળેલા સાર્વજનિક પ્લોટ ઉપર પણ દબાણો છે.આથી ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા મનપાના અનામત પ્લોટની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. અને દબાણ હોય તેવા પ્લોટની યાદી અલગથી તારવી ટુક સમયમાં તમામને નોટીસ આપવામાં આવશે ત્યાર બાદ મેગા ડિમોલેશન હાથ ધરાશે તેમ જાણવા મળ્યું છે.

# જન ફરિયાદ માટે ડેશબોર્ડ - કોર્પોરેટરો માટે ખાસ એપ શરૂ કરવા કમિશ્નરની જાહેરાત

## લોકો સરળતાથી ફરિયાદ કરી શકે એ માટે કોર્પો.માં નવી સુવિધા અપાશેઃ નગરસેવકો ફરિયાદના ફોલોઅપ મોબાઇલમાં જોઇ શકશે મેયર, ચેરમેન, ભાજપ પ્રમુખની હાજરીમાં નવા વિચારો અંગે ચર્ચા

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ,તા.૧૨ઃ મનપા સ્ટે. કમિટિની બેઠક પૂર્વે આજે ભાજપ સંકલનની બેઠક યોજાઇ હતી. તે બાદ નવા કમિશ્નર તૂષાર સુમેરા સાથે ચૂંટાયેલી શાસક પક્ષની બોડીની મીટીંગ યોજાઇ હતી. ભાજપ પ્રમુખ અને પદાધિકારીઓની હાજરીમાં કમિશ્નરે રાજકોટના વિકાસ માટે ટીમ વર્કથી કામ કરવા કોલ આપ્યો હતો. તો અરજદારો તથા નાગરિકો તંત્રને સરળતાથી ફરિયાદ કરી શકે અને સમયસર ઉકેલ સાથે કોર્પોરેટરો ફોલોઅપ લઇ શકે તે માટે ૧૮ વોર્ડની ખાસ એપ બનાવવા પણ જાહેરાત કરી છે.

ભરૂચમાં જનતા માટે ડેશ બોર્ડ અને એપનો સફળ પ્રયોગ તુષાર સુમેરા કરીને રાજકોટ આવ્યા છે. આ સિસ્ટમ રાજકોટમાં લાગુ કરી લોકોને અપાતા સુવિધાનું સ્તર વધુ ઉંચુ લાવવા અને લોકોની ફરિયાદ વહેલામાં વહેલી ઉકેલાય તેવો કમિશ્નરનો અભિગમ છે.

શહેરના તમામ ૧૮ વોર્ડના કોર્પોરેટરોને એક નવી મોબાઇલ એપથી જોડવામાં આવશે. કોર્પોરેટરો અને જે તે વિભાગની સમિતિના ચેરમેનો પણ આ ફરિયાદ અને રજૂઆતોનું સ્ટેટસ ચકાસી શકશે. આ રીતે વિભાગની કામગીરી અને લોકોના પ્રશ્ન પર ટેકનોલોજી મારફત કમિશ્નરનું સીધુ સુપરવિઝન રહેશે. આ નવી વ્યવસ્થા પર કામ પણ શરુ થઇ ચૂક્યું છે.





ભાજપ સંકલનની બેઠક બાદ નવા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ હાજરી આપતા તેમને તમામ સભ્યોએ આવકારી અનેક મુદ્દે ચર્ચા કરી હતી. તેમજ કોર્પોરેટરો સાથે કમિશનરે પરિચય કેળવી સંકલનથી કામ કરવા સહિતના મુદ્દે ચર્ચા કરી હતી.

બેઠક દરમિયાન કમિશનર તુષાર સુમેરાએ જણાવેલ કે, શહેરનો દરેક નાગરિક પોતાની ફરિયાદ કમિશનર સુધી અને શાસક પક્ષ સુધી પહોંચાડી શકે તે માટે હવે મનપામાં અરજદારો માટે ડેશબોર્ડ મુકવામાં આવશે. જેના દ્વારા દરેક નાગરિક પોતાની ફરિયાદ સરળતાથી કરી શકશે. આ પ્રકારની વ્યવસ્થા ભરૂચમાં કાર્યરત છે. જેને સારો પ્રતિસાદ સાપડ્યો છે અને લોકોના કામ પણ સરળતાથી થઇ રહ્યા હોવાથી આ વ્યવસ્થા રાજકોટ મહાનગરપાલિકામાં લાગુ કરવામાં આવશે. દરરોજ મુલાકાતીઓ માટે પણ સમયની ફાળવણી કરવામાં આવશે.

આજની બેઠકમાં કમિશનર દ્વારા અનેક મુદ્દે પદાધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. ભાજપ સંકલનમાં તમામ કોર્પોરેટરો સાથે પરિચય કરાવવામાં આવ્યો હતો. પ્રજાલક્ષી કામગીરી ઉપરાંત લોકોએ ચુંટીને મોકલેલા પ્રજાના પ્રતિનિધિઓ એટલે કે કોર્પોરેટરો પણ પોતાના પ્રશ્નો તેમજ વિકાસના કામો સહિતની ચર્ચા કમિશનર સાથે કરી શકે અથવા તેની વિગતો કમિશનરને સરળતાથી આપી શકે અને પ્રોજેક્ટો અંગેની માહિતી પણ મેળવી શકે તેવી વ્યવસ્થા અમલમાં મુકવાની વાત તેમણે કરી છે. મોબાઇલ એપ લીંકથી સોફ્ટવેર મારફત ભાજપના કોર્પોરેટર સાથે સંકલનમાં રહીને પ્રશ્નો અને રજૂઆતોનું ફોલોઅપ લઇ શકાશે.

મ્યુનિ. કમિશ્નર સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ હાલ શુક્રવારના મુખ્યમંત્રીના કાર્યક્રમમાં વ્યસ્ત બન્યા છે. જુદા-જુદા વિભાગોની કામગીરી અંગે કમિશ્નરે રીપોર્ટ લેવાનું શરુ કર્યું છે. આગામી સપ્તાહમાં નવા કમિશ્નરની ઘણી નવી કાર્ય પદ્ધતિના અમલના ફેરફાર પણ દેખાય તેવા નિર્દેશ વહીવટી પાંખમાંથી મળ્યા છે.

મ્યુનિ. કોર્પોરેશનની સ્ટે. કમિટિની ઠંડી મીટીંગ આજે ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષ સ્થાને મળી હતી. લાંબા સમય બાદ સ્ટે. કમિટિની મીટીંગ એકટ મુજબ અનિવાર્યપણે માસિક ધોરણે બોલાવવાની ફરજ પડી હતી. બાકી એજન્ડા પર લગભગ કોઇ મહત્વની દરખાસ્તો ન હતી. કર્મચારીઓને આર્થિક તબીબી સહાય પેટે ૭.૮૧ લાખનો ખર્ચ મંજુર કરાયો હતો. મેયર એવોર્ડ માટેનું બાકીનું રૂા.૧૬ હજારનો ખર્ચ મંજુર કરાયું હતું. જાહેર વિકાસ કામની કોઇ દરખાસ્તો છેલ્લા મહિનામાં આવી ન હોય, હવે આવતી મીટીંગમાં મહત્વના કામોની દરખાસ્તો આવશે તેમ માનવામાં આવે છે. ઉપરની તસ્વીરોમાં ઔપચારિક મીટીંગમાં હાજર પદાધિકારીઓ અને અધિકારીઓ હાજર રહ્યા હતા.

## રાજકોટમાં આવેલ એસ્ટ્રોન ફાટક મેન્ટેનન્સ કામગીરી માટે ત્રણ દિવસ બંધ રહેશે



રાજકોટ, તા. ૧૧ઃ રાજકોટ ડિવિઝનના રાજકોટ-ભક્તિનગર સેક્શનમાં આવેલ રેલવે ક્રોસિંગ નં. ૮ એટલે કે એસ્ટ્રોન ફાટક ૧૩.૧૨.૨૦૨૪ ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યાથી ૧૫.૧૨.૨૦૨૪ ના રોજ ૨૦.૦૦ વાગ્યા સુધી મેન્ટેનન્સ ના કામ માટે ૩ દિવસ માટે બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન, રોડ ટ્રાફિકને રાજકોટ-ભક્તિનગર સેક્શનમાં આવેલા એસ્ટ્રોન નાલા (અંડર બ્રિજ) માં થી ડાયવર્ટ કરવામાં આવશે.

## ગોપાલ સ્નેકસના પાપડમાંથી જીવાત નિકળી!

રાજકોટ,તા.૧૨ઃ રાજકોટના મેટોડા ખાતે ઉત્પાદીત અને સૌરાષ્ટ્ર-ગુજરાતની જાણીતી જુદી જુદી નમકીન ઉત્પાદિત ગોપાલ સ્નેકસનાં પાપડમાંથી જીવાત નીકળતા ભારે ચકચાર મચી ગયાનું બહાર આવેલ છે.

આ પ્રશ્ને આજે રાજકોટ જીલ્લા ફૂડ એન્ડ ડ્રગ વિભાગને પાપડ ખરીદનાર એક ગ્રાહક દ્વારા ફરીયાદ કરાતા તંત્રએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શંકાસ્પદ માલ સિઝ કરી દીધો છે. આ અંગેની રાજકોટ જીલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનાં સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ તાજેતરમાં રાજકોટનાં એક ગ્રાહકે સાધુ વાસવાણી રોડ પર આવેલ ગંગોત્રી ડેરીમાંથી ગોપાલ સ્નેકસનાં પાપડનું પેકેટ લીધુ હતું અને આ પેકેટ ખોલ્યુ ત્યારે તેમાંથી મરેલી જીવાત નીકળી હતી. પાપડમાંથી આ જીવાત મળતા ગ્રાહકે રાજકોટ જીલ્લા ફૂડ એન્ડ ડ્રગ વિભાગને ફરીયાદ કરી હતી. આ ફરીયાદના પગલે ફૂડ એન્ડ ડ્રગ વિભાગે ગત તા.૯-૧૨ ના રોજ મે.ગોપાલ સ્નેકસ લી.ની મેટોડા સ્થિત ફેકટરી ખાતે તપાસ હાથ ધરી હતી અને ઉત્પાદીત સ્થળેથી પાપડના ૩, હિંગનો-૧, અને મરીફડાનો-૧, મળી કુલ પાંચ નમુના લેવામાં આવેલ હતા અને આ તમામ સેમ્પલોને લેબોરેટરી ચકાસણી માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે મોકલી આપેલ છે.

# તારા પગ દુખે છે, તેની એક દવા છે તુ ખાઈ લે કહીં ત્યકતાને ઘેની સીરપ પીવડાવી શખ્સે દુષ્કર્મ આચર્યું

## ત્રિકોણ બાગ પાસે સિક્યુરીટીની ઓફીસ ધરાવતાં ઉર્મીશ થાનકી નામના શખ્સે પ્રપોઝ કરી રીંગ પહેરાવી લગ્નની લાલચ આપી કૃત્ય આચરતાં ફરીયાદ નોંધાઈ આરોપી ઝડપાયો

રાજકોટ. તા.૧૧ઃ ત્રિકોણ બાગ પાસે સિક્યુરીટીની ઓફીસ ધરાવતાં ઉર્મીશ થાનકી નામના શખ્સે તારા પગ દુખે છે, તેની એક દવા છે તુ ખાઈ લે કહીં ત્યકતાને ઘેની સીરપ પીવડાવી શખ્સે દુષ્કર્મ આચરતાં એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી. પોલીસે ગણતરીની કલાકોમાં આરોપીને દબોચી કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે મવડી પ્લોટના એક વિસ્તારમાં રહેતી ત્યકતાએ એ. ડિવીઝન પોલીસમાં જામનગર રોડ પર રહેતા ઉર્મીશ થાનકીનું નામ આપતા પોલીસે દુષ્કર્મની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૦ માં તેણીના રાજેશ લક્ષ્મણ ચાંદેગરા સાથે લગ્ન થયા હતા. પરંતુ બન્ને વચ્ચે મનમેળ ન થતા વર્ષ ૨૦૨૪ ના જુલાઈ માસમાં છુટાછેડા લઈ લીધા હતા. બાદમાં તેણીની મુલાકાત ઉમીશ થાનકી સાથે થઈ હતી. બાદમાં આરોપીએ તેમની સાથે લગ્ન કરશે તેમ વાયદાઓ કરી ત્રિકોણબાગ ચોકમાં



આવેલ તેની ઓફિસે લઈ જઈ ઘેનની દવા પીવડાવી દુષ્કર્મ આચર્યુ હતું. બાદમાં આરોપીએ તેણીને કહ્યું કે, જો આપણા લગ્નની મારા પિતા ના પાડશે તો પણ હું લગ્ન તારી સાથે જ કરીશ તેવા વાયદો કર્યો હતો. બાદમાં તેની ઓફિસે લઈ જઈ કહ્યું કે, તું મને પસંદ છે, મારે તારી સાથે લગ્ન કરવા છે કહી મેરેજ માટે પ્રપોઝ કરી રીંગ પહેરાવી હતી. બાદમાં બન્ને સાથે નાસ્તો કરવા ગયા હતા અને ત્યાંથી પરત ઓફિસે ગયા ત્યારે આરોપીએ કહ્યું કે, તારા પગ દુખે છે તો મારી પાસે એક દવા છે તુ ખાઈ લે તને સારૂ થઈ જશે કહી શીરપ આપ્યું હતું.

જે પીતા જ તેણી થોડીવારમાં બેભાન થઈ ગઈ હતી. બાદમાં જાગીને જોતા તેણીના કપડા અસ્તવ્યસ્ત હતા. જેથી આરોપીને પુછ્યું કે, તે મારા કપડા શું કામ કાઢેલ હતા મે તને ના પાડી હતી કે લગ્ન પહેલા આપણે શરીર સંબંધ નહી રાખવો જેથી આરોપીએ કહ્યું કે, હવે તો આપણે એક બીજાના પતિ પત્નિ બની ગયા છીએ તેમ વાત કરી હતી. બાદમાં અવાર નવાર લગ્ન કરવાના વાયદાઓ કરી દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી એ. ડિવિઝન પોલીસ મથકના પીઆઈ આર.જી.બારોટ અને ટીમે આરોપીને પકડી પાડી કાર્યવાહી કરી હતી.

---

# રાજકોટમાં મહિલાનું ફેસબુક એકાઉન્ટ હેક કરી ગઠિયાએ રૂા.૨૫૦૦ પડાવી લીધાં

### સાયબર ક્રાઈમમાં બે ગુના નોંધાયા, આરોપીને ખેડા પોલીસે દબોચી લીધો

રાજકોટ. તા.૧૧ઃ નિર્મલા રોડ પર રહેતાં મહિલાનું ફેસબુક એકાઉન્ટ હેક કરી ગઠિયાએ રૂ.૨૫૦૦ પડાવી તેમજ જામનગર રોડ પર રહેતાં મહિલાનું ફેસબુક એકાઉન્ટ હેક કરી મેસેન્જર મારફત ફ્રેન્ડ પાસે રૂપિયાની માંગણી કરતાં સાયબર ક્રાઈમમાં બે ગુના નોંધાયા હતાં. જે મામલે આરોપીને ખેડા પોલીસે પકડી લીધો હોવાનું સામે આવ્યું છે.

બનાવ અંગે નિર્મલા રોડ પર રહેતાં ક્રીમીબેન પંકજ વાગડીયા (ઉ.વ.૩૧) એ નોંધાવેલ ફરીયાદમાં તરીકે પ્રીતેષ મહેશ પ્રજાવતી (રહે. અજીત સોસાયટી, ખેડા) નું નામ આપી જણાવ્યું હતું કે, તે ઘરકામ કરે છે અને પોતાના મોબાઈલમાં ફેસબુક એપનો વપરાશ કરે છે, જે હાલ બંધ થય ગયેલ છે. ગઈ તા.૨૪/૦૩/૨૦૨૪ ના સાંજના સમયે ફેસબૂક એકાઉન્ટના મેસેન્જરમાં તેમની ફેસબૂક ફ્રેન્ડ મીતલ પાટડીયાનો મેસેજ આવેલ અને તેમની પાસે ફેસબૂકના નોટીફીકેશનમાં આવેલ કોડ માંગેલ હતો.

બાદ તુરંત જ તેણીનું ફેસબૂક એકાઉન્ટ ઓટોમેટીક લોગ આઉટ થઈ ગયેલ હતુ. જેથી તેણીએ ફરી ફેસબૂકમાં લોગઈન કરવાનો પ્રયત્ના કરતા લોગ-ઈન થયેલ નહિ, જેથી તેને જાણ થયેલ કે, મારૂ ફેસબૂક હેક થયેલ છે જેથી તેણીએ વોટ્સએપમાં સ્ટેટ્સ રાખેલ કે, તેમનું ફેસબૂક એકાઉન્ટ હેક થયેલ છે જેથી કોઈએ નાણાકીય વ્યવહાર કરવો નહિં, બાદ રાત્રીના તેમના પતિના ફોનમાં વેપારી પુર્વેશભાઈ શાહનો ફોન આવેલ કે, ક્રિમી સોની વાળા ફેસબૂક આઈ.ડી.ના કહેવાથી મેં રૂ.૨૫૦૦ ટ્રાન્સફર કરેલ છે. જેથી તેણીના ફેસબૂક એકાઉન્ટનો ઉપયોગ કરી કોઈ અજાણી વ્યકતી તેમના નામથી ફ્રોડ કરે છે, તેવી જાણ થઈ હતી.




ઉપરાંત સાથે સાથે પુર્વેશભાઈ અને મીતલબેન પાટડીયાના પતિ નીલભાઈ પાટડીયા સાથે વાત કરતા જાણવા મળેલ કે, તેમનુ પણ ફેસબૂક હેક થયેલ છે. બાદમાં તેણીએ ઓનલાઈન સાયબર ક્રાઈમમાં અરજી નોંધાવ્યા બાદ અરજીની તપાસમાં જાણવા મળેલ કે, આ એકાઉન્ટ હેક કરી ફ્રોડ કરનાર વ્યકતી પ્રિતેશ મહેશ પ્રજાપતી છે, જેથી તેમના વિરુદ્ધ સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

જ્યારે અન્ય એક ફરીયાદમાં જામનગર રોડ પર જૈન દેરાસર પાછળ અજમેરા એપાર્ટમેંટમાં રહેતાં અભયભાઈ કીરીટભાઈ શાહ (ઉ.વ.૪૦) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ વિમા એજન્સીમાં પોલીસી ચેકીંગ ઓફીસર તરીકે નોકરી કરે છે. તેમના પત્નીનું ફેસબૂક એકાઉન્ટ હતું જે હાલ બંધ થય ગયેલ છે. ફેસબૂક એકાઉન્ટ મારફતે ગઈ તા.૨૭/૧૧/૨૦૨૪ના તેમના મામાજી સસરા નયનભાઈ ફોફરીયાનો કોલ આવેલ કે, ક્રેની ને પૈસાની શું જરૂર પડી છે, તે ફેસબુક મારફતે પૈસા માંગે છે. જેથી તેની પત્નીને બાબતે વાત કરતા જાણવા મળેલ કે, તેને કોઈ પણ પૈસા માંગવા ફેસબૂકમાં કોઈને મેસેજ કરેલ નથી. જેથી તુરંત તેમની પત્નીના ફેસબૂક લોગ-ઈન કરતા હેક થયાની જાણ થયેલ હતી. તેઓએ તુરંત ઓનલાઈન અરજી પોલીસમાં કરેલ હતી. બાદ તેમના મામાજી સસરાએ જણાવેલ કે, આ હેક થયેલ એકાઉન્ટમાંથી તેમને રૂ.૧૩ હજાર ટ્રાન્સફર કરવા જણાવેલ હતું. બીજા દિવસે તેમના મીત્ર બલદેવસિંહ જાડેજાએ જણાવેલ કે, તમારી પત્નીના ફેસબૂક એકાઉન્ટમાંથી મને અરજટ રૂ.૧૨ હજાર ટ્રાન્સફર કરવા માટે મેસેજ આવેલ હતો. જેથી સાયબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાવી હતી.

# ધૂળેટીની રજાના પગલે ધો.૧૨ સાયન્સ પ્રવાહની પરીક્ષાનાં કાર્યક્રમમાં કરાયો ફેરફાર હવે તા.૧૭ માર્ચે પરીક્ષા પુર્ણ થશે

## આંકડાશાસ્ત્ર અને ભૂગોળના એક જ દિવસે રખાયેલા પેપરમાં પણ ફેરફાર નવો કાર્યક્રમ જાહેર




અમદાવાદ તા.૧૨ઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હોળી-ધુળેટીની રજાના પગલે ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કરાયો છે જે અનુસાર હવે ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા તા.૧૩ માર્ચના બદલે તા.૧૭ માર્ચના રોજ પૂર્ણ થશે.જયારે ધો.૧૦ અને ૧૨ ની સાયન્સની પરીક્ષા તા.૧૦ માર્ચે પૂર્ણ થશે.

આ ઉપરાંત ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં એક જ દિવસે આંકડાશાસ્ત્ર અને ભુગોળનાં રખાયેલા પેપર હવે અલગ અલગ દિવસે લેવામાં આવનાર છે નવો કાર્યક્રમ શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર જાહેર કરી દેવામાં આવેલ છે.

અગાઉ ૧૫ ઓક્ટોબરના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાનું સમયપત્રક જાહેર કરવામાં આવ્યું હતુ. જો કે હવે શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ.૧૨ના સમાન્ય પ્રવાહના પરીક્ષામાં ફેરફાર કરવામાં આવ્યો છે.

હકીકતમાં રાજ્ય સરકાર દ્વારા આગામી વર્ષે ૨૦૨૪-૨૦૨૫ની જાહેર રજાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેમાં આગામી હોળી અને તેના પછીના દિવસે ધૂળેટીની રજા આવી રહી છે. આથી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

એટલે કે આગામી ૧૨મી માર્ચના રોજ સામાજિક વિજ્ઞાન, ચિત્ર અને સંગીતની પરીક્ષા ૧૫ માર્ચના રોજ લેવામાં આવશે. જ્યારે ૧૩ માર્ચના રોજ લેવાતી સંસ્કૃત, ફારસી, અરબીની પરીક્ષા ૧૭મી માર્ચના રોજ લેવામાં આવશે. આમ બે દિવસના પેપરમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવા ફેરફાર બાદ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા જે ૧૩મી માર્ચે પૂર્ણ થવાની હતી, તે હવે ૧૭મી માર્ચના રોજ પૂર્ણ થશે.

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષા તા.૨૭-૦૨ થી તા.૧૭-૦૩-૨૦૨૫ દરમ્યાન યોજાશે. આમ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનો સુધારેલ કાર્યક્રમ બોર્ડની બોર્ડની વેબસાઇટ ઉપર મૂકવામાં આવ્યો છે.

જ્યારે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સાયન્સની બોર્ડની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીએ શરૂ થશે અને ૧૦ માર્ચના રોજ પૂરી થશે. જેમાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો સમય સવારે ૧૦ થી બપોરે ૧૧૫ કલાક સુધીનો રહેશે.

જ્યારે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની પરીક્ષાનો સમય બપોરે ૩ થી સાંજે સાડા ૬ સુધીનો રહેશે. આ ઉપરાંત સામાન્ય પ્રવાહની પરીક્ષા રોજના બે સેશનમાં યોજવામાં આવશે. જેમાં સવારના ૧૦ થી સવા ૧ સુધીના સેશનમાં એક પેપર, જ્યારે બીજુ પેપર ૩ થી સવા ૬ વાગ્યા સુધીમાં આપવાનું રહેશે.

# આજે પણ બસપોર્ટમાં વેરાની ટીમ ત્રાટકીઃ કાલાવડ, નાનામવા, ઢેબર રોડ પર વધુ ૨૯ મિલ્કતો સીલ

## રણછોડનગર, અમીન માર્ગની ગોવર્ધન સોસાયટીમાં નળ જોડાણો કટ કુલ આવક ૩૨૧ કરોડે પહોંચી





રાજકોટ, તા.૧૨ઃ મ્યુનિ. કોર્પોરેશનની વેરા વસૂલાત શાખા દ્વારા કડક રીકવરી ઝુંબેશ આગળ વધારવામાં આવી છે. તેમાં આજે બસ પોર્ટથી માંડી કાલાવડ સુધીમાં વધુ ૨૯ મિલ્કત સીલ કરાઇ હતી, તો ચાર નળ કનેકશન કાપવામાં આવ્યા હતા.

વોર્ડ નં.૫માં રણછોડનગર-૧૩માં અને અન્ય એક વિસ્તારમાં બે નળ કનેકશન કપાયા હતા. વોર્ડ નં.૭માં ઢેબર રોડ, એસટી બસ સ્ટેશનમાં ત્રીજા માળે સાત ઓફિસ સીલ કરવા કાર્યવાહી કરતાં ૪.૪૩ લાખની રીકવરી થઇ હતી. ત્રીજા માળે એક ઓફિસ સીલ કરાઇ હતી. બસ પોર્ટમાં આ સિવાય અન્ય ચાર દુકાન અને પાંચ ઓફિસ મળી ૧૦ યુનિટને સીલ મારવામાં આવ્યા છે.

વોર્ડ નં.૮માં ગોવર્ધન સોસાયટી-૩માં બે નળ કનેકશન કાપતા વેરાના ચેક જમા થયા હતા. વોર્ડ નં. ૧૦ કાલાવડ રોડ, સરકારી ક્વાર્ટર સામે રવિ ટાવરમાં, નાનામવા રોડ, શાસ્ત્રીનગર સામે બિઝનેશ ટર્મીનલમાં અને કાલાવડ રોડ, એવરેસ્ટ પાર્ક બીમાં પ્રથમ માળે એક-એક મિલ્કતો સીલ કરાઇ હતી. વોર્ડ નં. ૧૩માં અમરનગર, નરસંગપરા, ગોકુલનગર, વોર્ડ નં.૧૬માં કોઠારીયા રોડ પર રિકવરી કરાઇ હતી.

વોર્ડ નં.૧૪માં ઢેબર રોડ પર અજંતા કોમ્પ્લેક્ષના બીજા માળે, વોર્ડ નં.૧૫ આજી-જીઆઇડીસીમાં એક મિલ્કતને સીલ મરાયા હતા. આજે બપોર સુધીમાં ૪૧.૭૮ લાખની રીકવરી સાથે આજ સુધીમાં ૩૨૧ કરોડની આવક થઇ છે. ડે. કમિશ્નર સી.કે. નંદાણી, આસિ. કમિશ્નર સમીર ધડુકના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી ચાલી રહી છે.

# RBIમાંથી ૪૮૦૦૦ કરોડ છોડાવવાના નામે ઠગાઈનો પ્લાન રાજકોટના બે શખ્સ ઝડપાયા

- **ઋતુ સોઢા સહિત બે ઝબ્બે નકલી કાગળો જપ્ત કરતી પોલીસ લોકોને ચેતવા અપીલ**

જામ ખંભાળિયા, તા.૧૨ઃ ખંભાળિયા તાલુકાના વચલા બારા ગામે રહેતા એક શખ્સ દ્વારા પોતાના રૂપિયા ૪૮,૦૦૦ કરોડ રિઝર્વ બેન્કમાં જમા છે, તે છોડાવવા માટે ભરવાના થતા ટેક્સમાં ફંડિંગ બદલ તોતિંગ રકમનું કમિશન આપવાના આયોજનબદ્ધ રીતે આસામીઓ સાથે ઠગાઈ થાય, તે પૂર્વે એસ.ઓ.જી. પોલીસે આ પ્રકરણના બે આરોપીઓને ઝડપી પાડ્યા છે.

આ સમગ્ર પ્રકરણની સિલસિલાબંધ વિગત એવી છે કે ખંભાળિયા તાલુકાના વચલા બારા ગામના મૂળ રહીશ અને હાલ રાજકોટમાં નવા રીંગ રોડ ઉપર અટલ સરોવરની બાજુમાં આવેલા એક એપાર્ટમેન્ટમાં ૨૦૫ નંબરના ફ્લેટમાં રહેતા ઋતુરાજસિંહ ઉર્ફે ઋતુ અજીતસિંહ સોઢા નામના ૨૧ વર્ષના શખ્સ દ્વારા ખંભાળિયા તાલુકાના સલાયા મરીન પોલીસ મથકમાં ચારિત્ર્ય તથા કોઈ ગુનો નોંધાયો ન હોવા બાબતે પોલીસ વેરિફિકેશનના દાખલાનો ઉપયોગ ચોક્કસ કામ માટે કરવામાં આવ્યો હતો. આ વચ્ચે ગઈકાલે મંગળવારે દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓજી. પોલીસ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન ઉપરોક્ત બાબત અંગેની મળેલી માહિતીના આધારે એસ.ઓ.જી.ના જવાનો દ્વારા વધુ માહિતી મેળવતા ઉપરોક્ત શખ્સ દ્વારા આરબીઆઈના ખોટા બનાવેલા દસ્તાવેજોથી પોતાના ખાતામાં રૂપિયા ૪૮ હજાર કરોડ જમા થયા છે તેને છોડાવવા માટે ટેક્સ ભરનારને ચોક્કસ ટકાવારીનો હિસ્સો અપાશે તેવી અલગ અલગ વ્યક્તિઓ સાથે મિટિંગ ગોઠવવામાં આવતી હોવા ઉપરાંત આ મીટીંગ સાથે જે-તે આસામી પાસેથી નાણાં મેળવવા માટેની તજવીજ ચાલતી હતી.

આ પ્રકરણમાં આરોપી ઋતુરાજસિંહ સોઢા અને અન્ય એક આરોપી માધવ કિરણકુમાર પ્રતાપરાય વ્યાસ (ઉ.વ. ૨૪, રહે. નાગેશ્વર રોડ, રાજકોટ) દ્વારા ખંભાળિયામાં કોઈ વ્યક્તિ સાથે મીટીંગ કરવામાં માટે આવ્યા હોવાનું વધુમાં ધ્યાને આવ્યું હતું. આથી એસ.ઓ.જી. પોલીસે વચલા બારા ગામેથી આરોપી ઋતુરાજસિંહ ઉર્ફે ઋતુ અજીતસિંહ સોઢાની અટકાયત કરી લીધી હતી.

આ શખ્સની પૂછતાછમાં તેણે સિંગાપુર ખાતે ડિપ્લોમા બી.ઈ.નો અભ્યાસ કર્યો છે અને એક આર્ટીકલ બેંગલોરની કંપનીને વેચાણ કરેલ છે. અને તેના કુલ રૂપિયા ૪૮,૦૦૦ કરોડ હાલ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયામાં જમા છે, અને તેને છોડાવવા માટે રૂપિયા ૨,૪૦૦ કરોડનો ટેક્સ ભરવાનો થતો હોય, જેના ફંડિંગ કરી શકે તેવી પાર્ટીઓ સાથે મીટીંગ કરતા આવવાનું તેણે જણાવ્યું હતું.

તેની પાસે રહેલી ફાઈલ પોલીસે ચકાસતા તેમાં રિઝર્વ બેન્કનું ડેકલેરેશન લેટર, એચ.એસ.બી.સી.નું કસ્ટમર ક્રેડિટ પત્ર, રિઝર્વ બેન્કનો કસ્ટમર ઈન્ફોર્મેશન રિપોર્ટ, નોટિફિકેશન લેટર, એન.ઓ.સી., એપ્રુવલ લેટર વિગેરે અલગ અલગ પ્રકારના કુલ ૧૭ દસ્તાવેજો મળી આવ્યા હતા. આ તમામ દસ્તાવેજો જોતા જ પોલીસને દેખીતી રીતે જ ખોટા અને બનાવટી લાગ્યા હતા. આથી પોલીસે ઉપરોક્ત શખ્સની આગવી ઢબે પૂછપરછ કરતા તેના દ્વારા આર્થિક ફાયદો મેળવવા માટે બેંગ્લોરના પ્રભુભાઈ નામના એક શખ્સ પાસેથી આ પ્રકારની બનાવટી ફાઈલ તૈયાર કરાવી હતી. જેમાં આરબીઆઈમાં રૂપિયા ૪૮,૦૦૦ કરોડ બ્લોક હોય, તે અનબ્લોક કરવા માટે રૂપિયા ફંડિંગ કરનારને ૧૫ ટકા આપવાની લાલચ આપીને તે મીટીંગ કરવા માટે બોલાવશે તેવું નક્કી થતું હતું. આ પ્રકરણમાં આરોપીને આજ દિન સુધી કોઈએ રૂપિયા આપ્યા ન હતા. આટલું જ નહીં, આરબીઆઈમાં કે પોતાના બેન્ક એકાઉન્ટમાં કોઈ રકમ જમા ન થઈ હોવાનું પણ વધુમાં જાહેર થયું છે.

આ રીતે બંને શખ્સોએ પૂર્વયોજિત કાવતરું રચીને આરોપી ઋતુરાજસિંહ સોઢાના ખાતામાં રૂપિયા ૪૮ હજાર કરોડ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા બ્લોક કરવામાં આવેલા તે મુજબના તેના મળતિયાઓ મારફતે આરબીઆઈના ખોટા દસ્તાવેજો (ફાઈલ) તૈયાર કરાવડાવી અને રૂપિયા ૨,૪૦૦ કરોડનો ટેક્સ ભરવા સહિતના આ સમગ્ર ખોટા ઉપજાવી કાઢેલા પ્રકરણ સંદર્ભે પોલીસે બંને શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતાની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, ગત સાંજે આરોપીઓની વિધિવત રીતે અટકાયત કરી લેવામાં આવી છે.

આ પ્રકરણમાં અન્ય સંડોવાયેલા મનાતા શખ્સોની પણ શોધખોળ હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર પ્રકરણ હાલ ચર્ચામાં છે, ત્યારે આ પ્રકારની નવતર ઠગાઈથી સાવચેત રહેવા પણ લોકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાજકોટ-અમદાવાદ સિક્સલેન હાઈવે ૬ વર્ષે પણ અધૂરો

- **૩૩૫૦ કરોડના હાઈવેની કામગીરી ગોકળગતિએ; બગોદરા સુધીના અંતરમાં ૩ બ્રિજ માટેની કામગીરી હજુ પણ બાકી**

રાજકોટ, તા.૧૧ઃ ગુજરાતમાં અમદાવાદથી રાજકોટને જોડતા નેશનલ હાઈવે નંબર ૪૭ની સિક્સલેનની કામગીરીમાં ખૂબ જ વિલંબ થઈ રહ્યો છે. આ પ્રોજેક્ટની પૂર્ણતાની સતત છઠ્ઠી વખતની ડેડલાઈન વધારવામાં આવી છે. એક્સટેન્શન્સ પર એક્સટેન્શન્સ છતાં ૨૦૧૮થી શરૂ થયેલી સિક્સલેન હાઈવેની કામગીરી ૨૦૨૪ના અંત આવવા છતાં પણ પૂરી થઈ નથી.

રૂપિયા ૩૩૫૦ કરોડના આ પ્રોજેક્ટની કામગીરીમાં રાજકોટથી બગોદરા સુધીના અંતરમાં ૩ બ્રિજ માટેની કામગીરી બાકી હોવાથી આગામી ૩ માસમાં કામગીરી પૂર્ણ કરવાનો દાવો કરાઈ રહ્યો છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે જૂન ૨૦૨૫ સુધીમાં પણ આ કામગીરી પૂરી થશે કે નહીં એ મોટો સવાલ છે. ૬ વર્ષ વીત્યાં છતાં હજુ સુધી આ પ્રોજેક્ટના મેજર ૬ પૈકી હજુ ૩ બ્રિજની કામગીરી હજુ બાકી છે. ઉપરાંત હીરાસર એરપોર્ટ નજીક પણ



ડિઝાઈનમાં ફેરફાર કરીને સરકારને મોકલી બ્રિજ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

વર્ષ ૨૦૧૧માં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટને ગુજરાતની આર્થિક રાજધાની અમદાવાદથી જોડતા રાજકોટ-અમદાવાદ હાઈવેને ફોરલેનમાંથી સિક્સલેન બનાવવા માટે વિચારણા શરૂ કરી હતી. ત્યાર બાદ વર્ષ ૨૦૧૭ના ઓક્ટોબર મહિનામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ સમયે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી હતા. ત્યાર બાદ વર્ષ ૨૦૧૮માં રોડ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી, જોકે આજે ખાતમુહૂર્ત થયાને ૬ વર્ષ કરતાં વધુ સમય વીતી ગયો છતાં સિક્સલેન હજુ તૈયાર થયો નથી.

આજે આ પ્રોજેક્ટની કામગીરીમાં રાજકોટથી બગોદરા સુધીના અંતરમાં મુખ્ય ૩ બ્રિજની કામગીરી બાકી છે અને આગામી ૩ માસમાં કામગીરી પૂર્ણ થવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, પરંતુ જૂન ૨૦૨૫ના અંત સુધી પણ કામ પૂર્ણ થાય એવી શક્યતા નહીંવત જોવામાં આવી રહી છે.

રાજકોટ પશ્ચિમ બેઠકનાં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે રાજકોટ-અમદાવાદ સિક્સલેન હાઈવેનું કામ ચાલી રહ્યું છે. સૌથી વધુ ટ્રાફિક ધરાવતો આ નેશનલ હાઈવે છે. કામગીરી જે બાકી છે એને લઈ સરકાર પણ ચિંતિત છે અને જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં પણ આ બાબતે ચર્ચા અને રજૂઆત કરવામાં આવતી હોય છે. કામ ઝડપથી પૂર્ણ થાય એ માટે અધિકારીઓને સૂચના પણ આપવામાં આવી રહી છે.

ॐकारा

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના પ્રેરક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**સમય અને ભાગ્ય બંને પરિવર્તનશીલ હોય છે માટે સારા સમયમાં અભિમાન અને ખરાબ સમયમાં ચિંતા ના કરો બંને જરૂર બદલાશે.**

**સમયની કિંમત કરીએ કર્મો પ્રત્યે સદા સજાગ રહીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો
મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા

તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે
કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826

7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT

SAPPHIRE
Skyline




Magnificent
4 BHK Flats & Penthouses

KALAVID

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...

JS
GROUP

@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111


નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper











## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...

તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા


**વોટ્સએપ પર**

Hi લખીને મોકલો

**98983 17826**

અને જોડાઇ જાવ અમારી સાથે...


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઇઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઇચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઇલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
"શ્રી હરી કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઇન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306


॥ શ્રી ગુરૂ દત્તાત્રેયજી ॥
॥ શ્રી ગણેશાય નમઃ ॥
॥ શ્રી ગાયત્રી માતાજી ॥
ભાવભર્યું આમંત્રણ
વેદમાતા શ્રી ગાયત્રી માતાજી, શ્રી લક્ષ્મી માતાજી તેમજ
શ્રી સરસ્વતી માતાજીની અસીમ કૃપાથી શ્રી ગુરૂદત્ત જયંતિ નિમિત્તે
ગુરૂપૂજન
સં. ૨૦૮૧, માગશર સુદ ૧૫, રવિવાર, તા. ૧૫–૧૨–૨૦૨૪ના
શુભ દિને આયોજન કરેલ છે. તો આ પાવન અને પવિત્ર પ્રસંગે
સર્વે સેવકગણ તથા ભકતજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.
ગુરૂ ગોવિંદ દોઉ ખડે, કાકે લાગુ પાય.
બલિહારી ગુરૂ આપની, ગોવિંદ દિયો બતાય.
પૂજ્ય ગુરૂદેવ શ્રી લાલબાપુ
ગુરૂ પૂજન : સવારે ૬–૦૦ થી મોડી સાંજ સુધી.
ભોજન પ્રસાદ : સવારે ૧૦–૦૦ થી મોડી રાત્રિ સુધી.
● નિમંત્રક ●
પૂ. શ્રી રાજુ ભગત
પૂ. શ્રી દોલુ ભગત
શ્રી ગાયત્રી આશ્રમ સેવા સમિતિ
શ્રી ગાયત્રી આશ્રમ, ગઘેથડ,
તા. ઉપલેટા, જિ. રાજકોટ.

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet


એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062